**આજનો સુવિચાર**

કામ કરવાથી હંમેશા આનંદ મળે તેવું ન થાય, પરંતુ કામ ન કરવાથી તો આનંદ નહિ જ મળે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૪ જૂનાગઢ તા.૧૨-૦૧-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


# દેશમાં કોરોનાનાં કેસમાં મોટો ઉછાળો ૨૪ કલાકમાં ૧.૯૪ લાખ કેસ - ૪૪૨નાં મોત

મુંબઈ તા. ૧૨

એકદિવસની રાહત બાદ આજે કોરોના વાયરસના કેસમાં ફરી ઉછાળો આવ્યો છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ લાખ ૯૪ હજાર ૭૨૦ કોરોનાના નવા કેસ નોંધાયા હતા, જે સોમવાર કરતાં ૨૫ હજાર વધુ છે. સોમવારે ૧.૬૮ લાખ નવા કેસ મળ્યા હતા. આ દરમ્યાન ૬૦,૪૦૫ દર્દી સાજા થયા છે, જ્યારે ૪૪૨ લોકોનાં મોત થયાંછે જયારે ઓમીક્રોનના કુલ કેસ ૪,૮૬૮ થયા છે. એક્ટિવ કેસ ૧૦ લાખ નજીક પહોંચી ગયા છે, જે હાલ ૯ લાખ ૫૫ હજાર ૩૧૯ છે.

દિલ્હી પોલીસે કહ્યું- ૧થી ૧૨ જાન્યુઆરી સુધીમાં અમારા ૧૭૦૦ જવાનોકોરોનાપોઝિટિવ આવ્યા છે. કોરોનાના વધતા જતા કેસો વચ્ચેકેન્દ્ર સરકારે તમામ રાજ્યોને પત્ર લખ્યો છે. જેમાં રાજ્યોને કોરોના બાબતે પરિસ્થિતિ ઉપરસતત નજર રાખવા માટે જણાવાયું છે

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખેલા પત્રમાં કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં, કોરોનાના કેસોમાં સતત વધારા વચ્ચે પાંચથી ૧૦ ટકા સક્રિય કેસોને જ હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર છે.પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે અને કેસોની ગતિ પણ દિવસેને દિવસે વધી રહી છે. એવામાં હોસ્પિટલમા દાખલ થનારા દર્દીની સંખ્યા પણ ઝડપથી વધી શકે છે. આપણે તેના માટે તૈયાર રહેવું પડશે. તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમને કુલ કેસની સંખ્યા અને એક્ટિવ કેસની સંખ્યા ઉપર ચાંપતી નજર રાખવાની સલાહ આપવામાં આવે છે.

### આઈસીએમઆરનાં નિષ્ણાંત ડો. જયપ્રકાશનો ચોંકાવનારો દાવો

# ઓમીક્રોનને રોકવો અસંભવ : બધાને થશે, બુસ્ટર ડોઝ પણ રોકી નહી શકે

**૮૦ ટકાથી વધુ લોકોને ખબર પણ નહી પડે કે તેમને કયારે ઓમીક્રોનનું સંક્રમણ થયું હતું જયારે વેકસીન નહોતી આવી ત્યારે પણ ભારતની ૮૫ ટકા વસ્તી સંક્રમીત હતી**

નવી દિલ્હી, તા. ૧૨ :. કોવિડ-૧૯નોઓમિક્રોન વેરીયન્ટલગભગ 'અજેય' છે અને તેનાથી દરેક લોકો સંક્રમિત થશે. સરકારના એક ટોચના નિષ્ણાંતે આ બાબત જણાવી છે. તેમણેભારપૂર્વક કહ્યુછે કે કોવિડ હવે એક ભયાનક બિમારી નથી. નવા સ્ટ્રેનની અસર ઘણી ઓછી છે અને ઘણા ઓછા લોકોને જ હોસ્પીટલમાં દાખલ કરવાની જરૂર પડી છે. આઈસીએમઆરના નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એપીડેમીયોલોજીમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિના વડા ડો. જયપ્રકાશ મુલીયિલએ કહ્યુ છે કે ઓમિક્રોન એવી બિમારી છે જેને આપણે નિપટી શકીએ છીએ. આપણા લોકોમાંથી ઘણાને એ પણ ખબર નહી પડે કે આપણે તેનાથી સંક્રમિત થઈ ગયા છીએ. સંભવતઃ ૮૦ટકાથી વધુને એપણ ખબરનહી પડે કે એ અમને કયારે થયો હતો ? જયારે વેકસીન નહોતી આવી ત્યારે પણ ભારતની ૮૫ ટકા વસ્તી સંક્રમીત હતી. તેમણે કહ્યુ છે કે કોરોનાના ઓમિક્રોન વેરીયન્ટને રોકવો અસંભવ છે અને આખરે તે સમગ્ર દુનિયાને સંક્રમિત કરીને જ રહેશે. ડો. મુલિયિલે એમ પણ જણાવ્યુ છે કે ઓમિક્રોન વેરીયન્ટને ફેલાતો રોકવા માટે વેકસીનનો બુસ્ટર ડોઝ પણ કામ આવે તેમ નથી એટલે કે તે રોકી શકે તેમ નથી. આઈસીએમઆરના નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એપીડેમિયોલોજીના વૈજ્ઞાનિક સલાહકારસમિતિના વડા આડોક્ટરે વાતચીતમાં એવુ કહ્યુ હતુ કે, હવે કોરોના ખતરનાક નથી કારણ કે તેનો નવો સ્ટ્રેન નબળો છે અને હોસ્પીટલમાં દાખલ થવાની પણ જરૂર નથી. તેમણે કહ્યુ છે કે હવે આ એવી બિમારી છે જેને આપણે નિપટી શકીએ તેમ છીએ. તે ડેલ્ટાની સરખામણીમાં ઘણો માઈલ્ડ (હળવો) છે

# ભારતમાં કોરોનાથી ૪.૮૪ લાખ નહી પરંતુ ૩૨ લાખ મોત થયા હોવાનો અભ્યાસમાં દાવો

નવી દિલ્હી તા. ૧૨

ભારતમાં ૧૧ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં કોરોનાના ૩.૫૯ કરોડ કેસ અને ૪.૮૪ લાખ મૃત્યુ નોંધાયાં છે. એક નવા સ્ટડીમાં દાવો કરવામાં આવ્યો છે કે કોરોનાથી થતાં મૃત્યુના સરકારી આંકડા વાસ્તવિકતાથી ખૂબ જ ઓછા છે. સ્ટડીના જણાવ્યા મુજબ, કોરોના દરમ્યાન ૩૨ લાખ લોકોનાં મૃત્યુ થયાં છે, જે સરકારી રેકોર્ડમાં નોંધાયેલાં મૃત્યુથી ૭ ગણા વધુ છે. કોરોનાની ત્રીજી લહેરની શરૂઆત થઈ છે, ત્યારે હાલ આ અભ્યાસની ખૂબ જ ચર્ચા ચાલી રહી છે.

આ સ્ટડી ૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ જાણીતા જર્નલ સાયન્સમાં પ્રકાશિત થયો છે. એનું ટાઈટલ- 'કોવિડ મોર્ટાલિટી ઈન ઈન્ડિયા, નેશનલ સર્વે ડેટા એન્ડ હેલ્થ ફેસિલિટી ડેથ્સ'. આ સ્ટડી યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના પ્રોફેસર પ્રભાત ઝાના નેતૃત્વમાં ઈન્ટરનેશનલ સિસર્ચર્સની એક ટીમે કર્યો છે.

આ સ્ટડી માટે એક વ્યક્તિગત સોર્સ CVoterનો સહારોલેવામાં આવ્યો છે. એના માટે દેશનાં તમામ રાજ્યોના ૧.૪૦ લાખ લોકો સાથે ટેલિફોનિક વાતચીત કરીને મહામારીને ટ્રેક કરવામાં આવી છે. આ સિવાય ભારત સરકારની હોસ્પિટલમાં મૃત્યુના ડેટા અને ૧૦ રાજ્યની સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમમાં નોંધાયેલાં મૃત્યુના રજિસ્ટ્રેશનના આંકડાઓને આધાર બનાવવામાં આવ્યો છે.

સર્વે એજન્સી CVoterએ દેશના૧.૪૦લાખ લોકોને કોલકર્યો અને કેટલાક સવાલ પૂછ્યા હતા પ્રથમ સવાલ એવો પૂછવામાં આવ્યો કે શું તેમના ઘરમાંમૃત્યુ થયું છે, ક્યારે થયું છે, આ મૃત્યુ કોવિડથી થયું હતું કે કોઈ અન્ય કારણથી થયું હતું. આ બધા જવાબોનું એકસાથે મળીને એનાલિસિસ કરવામાં આવ્યું. તેને પગલે આ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

# થાઈલેન્ડમાં કોરોનાથી પણ ખતરનાક સ્વાઈન ફિવરની એન્ટ્રી

નવી દિલ્હી તા. ૧૨

કોરોના સામે ઝઝુમી રહેલી દુનિયામાં હવે અગાઉના ઘાતક આફ્રિકન સ્વાઈન ફીવરેદેખાદેતા સ્વાસ્થ્ય અધિકારીઓની ચિંતા વધી છે. એકસમયે દુનિયામાં તબાહી મચાવનાર આફ્રિકન સ્વાઈન ફીવરનો પહેલો કેસ થાઈલેન્ડમાં નોંધાયો છે. થાઈલેન્ડમાંકતલખાનામાંથી લેવામાં આવેલા માંસના સેમ્પલની તપાસ બાદ તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવીહતી. થાઈલેન્ડનાં કતલખાનામાંથી સ્વેબ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી જેમાં આ વાયરસની પુષ્ટિ થઈ હતી. પશુપાલન વિભાગના ડિરેક્ટર સોરાવિસ થાનેટોએ જણાવ્યું કે ૩૦૯ સેમ્પલમાંથી એક સેમ્પલમાં આફ્રિકન સ્વાઈન ફીવરની પુષ્ટિ થઈ છે તેમાં ૧૦ ફાર્મ હાઉસના ભૂંડના બ્લડ સેમ્પલ અને કતલખાનાના ૨ સ્વેબ સેમ્પલ પણ સામેલ છે. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિકો આ બીમારીના સોર્સની જાણકારી મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. બે દિવસ પહેલાથાઈલેન્ડમાં એક મૃત પાલતુ ભૂંડમાં પણ આ બીમારી જોવા મળી હતી. આબીમારી મળી આવતા દેશમાં હજારોભૂંડોને મારી નાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે ભૂંડનો આ વાયરસ અતિ ઘાતકઅને ચેપી છે તેના અટકાવ માટે ત્વરીત પગલાં ભરવાની જરૂર છે.

# શ્રીલંકામાં ભયાનક મોંઘવારી : બટેટાનો ભાવ કિલોનાં રૂા.૨૦૦, મરચાનાં રૂા.૭૧૦,

કોલંબો તા. ૧૨

ભારતનો પડોશી દેશ શ્રીલંકા દેવાળું ફૂંકવાના આરે પહોંચતા નાગરિકોની હાલત ખૂબ જ કફોડી થઈ ગઈ છે. શ્રીલંકામાં મોંઘવારીએ એવી માઝા મુકીછે કે રોજિંદી ખાણી-પીણીની ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. એક કિલો બટેટાનાં રૂા.૨૦૦, મરચાંનો ભાવ ૭૧૦ રૂપિયા, કોબી ૨૪૦ રૂપિયા, ગાજર ૨૦૦ રૂપિયા છે. ચીનના દેવા હેઠળ ફસાયેલા શ્રીલંકામાં મોંઘવારીએ હાહાકાર મચાવ્યો છે. દેવાળું ફૂંકવાના આરે પહોંચેલા શ્રીલંકામાં ખાદ્ય ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે.






# ચાલુ વર્ષનાં અંતે યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો ખર્ચ રૂા.૧૦૦૦ કરોડ થશે

ગાંધીનગર તા. ૧૨

ચાલુ વર્ષના અંતમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને આ ચૂંટણી યોજવા માટે ગુજરાત સરકાર રૂા. ૪૫૦ કરોડનો ખર્ચ કરે તેવી શકયતા છે. મુકત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે આ ખર્ચ કરવો જરૂરી બનશે. આ ખર્ચનો અંદાજ ચૂંટણી યોજતી એજન્સીઓએ આપ્યો છે જો કે તેમા રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા થતા ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ વર્ષના અંતમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી પાછળ કુલ મળીને રૂા. ૧૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થાય તેવી શકયતા છે. સામાન્ય રીતે જ્યારે લોકસભા કે વિધાનસભાની ચૂંટણી યોજવાની હોય ત્યારે રાજ્યની ચૂંટણી કચેરી દ્વારા રાજય સરકારને બજેટમાં જોગવાઈ કરવા જણાવવામાં આવે છે. બજેટમાં જે જોગવાઈ થાય તેના કરતા મોટાભાગે વધુ ખર્ચ થતો હોય છે. ૨૦૨૨માં એટલે કે આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં રૂા. ૩૮૭ કરોડના ખર્ચની ૨૦૨૨-૨૩ના બજેટમાં જોગવાઈ કરવામાં આવે તેવી અમે રાજ્ય સરકારને વિનંતી કરી છે તેવુ સૂત્રોએ જણાવ્યુ છે. ૨૦૧૭ની ચૂંટણીમાં બજેટમાં રૂા. ૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી પરંતુ વાસ્તવિક ખર્ચ રૂા. ૩૨૬ કરોડ થવા પામ્યો હતો તેવુ સૂત્રોએ ઉમેર્યુ છે.

સૂત્રોએ જણાવ્યુ છે કે આવખતે રૂા. ૩૮૭ કરોડના પ્રાથમિક ખર્ચના અંદાજ સામે વાસ્તવિક ખર્ચ રૂ. ૪૫૦ કરોડ થાય તેવી પુરેપુરી શકયતા છે. સૂત્રોએ ઉમેર્યુ હતુ કે, ચૂંટણી ખર્ચ દિવસેને દિવસે વધતો જાય છે કારણ કે અનેક બાબતો જેમ કે ઈંધણના ભાવ વધ્યા છે, વધારાના પોલીંગ સ્ટેશનો ઉભા થશે. એટલુ જ નહી ચૂંટણી યોજવા માટે અન્ય ખર્ચમાં પણ વધારો થશે જેમ કે કોરોના. તેઓએ ઉમેર્યુ હતુ કે ચૂંટણી સ્ટાફને પૈસા આપવા, વાહનો ભાડે કરવા, કોરોના ગાઈડલાઈન મુજબ ચૂંટણી કરવા વધુ ખર્ચ થશે. અમારા પ્રાથમિક અંદાજમાં કોવિડ-૧૯ પ્રોટોકોલનો બોજો જો કે ઉમેરવામાં આવ્યો નથી. જો અમારે કોવિડ પ્રોટોકોલ હેઠળ ચૂંટણી કરવાની આવશે તો વધુ મતદાન મથકો, વધુ સ્ટાફ અને અન્ય વ્યવસ્થાઓ કરવી પડશે જેનાથી ખર્ચ વધુ થશે. ફ્રેશ અંદાજ ચૂંટણી પહેલા જ આપવો શક્ય બનશે.

# ઓમીક્રોનથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરી : ડો. સુશીલકુમાર

**માસ્ક, સોશિયલ ડીસ્ટન્સ, સેનીટાઈઝર, વેકસીનેશન દ્વારા કોરોનાને હરાવી શકાય છે**



જૂનાગઢ તા. ૧૨

હાલમાં ગુજરાત અને સમગ્ર દેશમાં કોરોનાનાં કેસની સંખ્યા ઝડપથી વધી રહી છે. અને કોરોનાની ત્રીજી લહેર આવી જ ગઈ છે તેવું મનાય રહયું છે ત્યારે સૌથી વધુ ડર નવા વેરીયન્ટ ઓમીક્રોનથી વ્યાપેલો છે. જૂનાગઢ સિવિલ હોસ્પીટલમાં પણ ઓમીક્રોનનાં ત્રણ કેસ નોંધાયા હતા. નવા કેસ કોઈ નોંધાયા નથી તે રાહતની બાબત છે. આ બાબતે જૂનાગઢ સિવિલ હોસ્પીટલનાં કર્મયોગી મેડીકલ સુપ્રિ. ડો. સુશીલકુમારનો સંપર્ક સાધતા તેમણે એવું જણાવ્યું હતું કે, ઓમીક્રોનથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. ઓમીક્રોન કોરોના વાયરસનું હળવું સ્વરૂપ છે તેમજ ફેફસામાં ઈન્ફેકશન પણ ઓછું થાય છે, ઓમીક્રોન સંક્રમિત વ્યકિતને હોસ્પીટલમાં દાખલ થવાની ભાગ્યેજ જરૂર પડે છે અને હોમ આઈસોલેશનમાં સારવાર લઈ સાજા થઈ શકાય છે.

તેમણે ઉમેર્યુ કે કોરોના અને ઓમીક્રોનનો મુકાબલો કરવા માટે માસ્ક, સોશિયલ ડીસ્ટન્સ, સેનીટાઈઝરનો ઉપયોગ અને વેકસીનેશનથી તેને હરાવી શકાય છે. ડો. સુશીલકુમારે કહયું કે, જૂનાગઢ સિવિલ હોસ્પીટલમાં દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે જેમાં ટોશીલીઝુબેમ, રેમડેસિવિર અને હાલમાં જ નવી આવેલી મોલુપિરાવીર દવાનો વધુ સ્ટોકનો ઓર્ડર આપી દેવામાં આવ્યો છે તેમણે ઉમેર્યુ કે, હાલમાં જૂનાગઢ સિવિલ હોસ્પીટલમાં કોરોનાનાં દર્દીઓ માટે ૧૧૨૧ બેડની વ્યવસ્થા રાખવામાં આવી છે સંભવિત કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ૧૧૨૧ પૈકી ૪૦ બેડ પ્રેગનન્ટ મહિલાઓ માટે રીઝર્વ રાખવામાં આવ્યા છે જે તમામ ઓકસીજન બેડ છે અને જરૂર પડે તેને આઈસીયુ બેડમાં તબદીલ કરવાની તૈયારી રાખવામાં આવી છે. આમ કોરોનાની સંભવિત કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જૂનાગઢ જીએમઈઆરએસ મેડીકલ કોલેજ અને હોસ્પીટલનું તંત્ર સંપૂર્ણ સજજ છે. તેમ ડો. સુશીલકુમારે જણાવ્યું હતું.


**ૐ ઉપચાર કેન્દ્ર**

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, રેલ્વે સ્ટેશન, મજેવડી ગેઈટથી તદ્દન નજીક

- ૨૫ વર્ષનાં અનુભવી
- ૧૦૫૦ કારપેટ એરીયા
- વિશાળ ગાર્ડન અને પાર્કીંગ

**નીલમાધવ** બિલ્ડર્સનું આયોજન

**2BHK નાં ભાવમાં 3BHK**

4 BHK અને ત્રિપ્લેક્ષ બહુજ વ્યાજબી ભાવમાં

૨.૬૭ લાખની સબસીડીનો લાભ

**ત્રિદેવ એપાર્ટમેન્ટ**

: સંપર્ક :

: સાઈટ : ખોડલધામ ટાઉનશીપ, ખલીલપુર રોડ, જૂનાગઢ

| કરમણભાઈ ઘડુક | તુલસીભાઈ ડી. ચૌહાણ | મયુરભાઈ વી. કાપડીયા |
|---|---|---|
| મો. ૯૮૨૪૨ ૦૧૬૬૧<br>મો. ૯૪૨૯૩ ૭૩૮૫૨ | મો. ૯૯૨૪૯ ૬૮૪૯૮ | મો. ૭૮૭૪૧ ૪૦૨૨૯ |

**સુગર ફ્રી, શુધ્ધ ઘીનાં ડ્રાયફ્રુટ અડદીયા**

જગદિશ બુધ્ધદેવ મો.૯૮૨૪૩ ૮૮૧૫૮
દિનેશ બુધ્ધદેવ મો.૯૮૭૯૯ ૨૭૬૦૫
વિજય બુધ્ધદેવ મો.૯૯૯૮૧ ૯૫૯૮૧

સોમનાથ ડેરી ફાર્મ

વલ્લભભાઈ પેંડાવાળા (તુલશાળા વાળા)

આપના ઓર્ડર મુજબ મિઠાઈ તથા ફરસાણ બનાવી આપશું

ભાટીયા ધર્મશાળા રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૨૨૧૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ફ્રી...ફ્રી... ફ્રી... ફ્રી...**



સાઉદી અરેબીયા - દુબઈ માટે વર્કર તાત્કાલીક જોઈએ છે

કડીયાકામ, સુથારી કામ, દરજી કામ, પાર્લર, વેલ્ડર ગેરેજ, મીકેનીક, એન્જીનીયર, ડ્રાઈવર, વેઈટર, રસોયા અને ઘરકામ કરી શકે તેવી બહેનો - ભાઈઓની જરૂર છે

કંપની તરફથી વિઝા અને ટિકીટ તદન ફ્રી છે ફકત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૫૦૦૦ લેવામાં આવશે

નોંધ : ફ્રેશર પણ ચાલશે, મોલમાં કામ કરી શકે તેની જરૂર છે.


આજે જ સંપર્ક સાધો

કોન્ટેક્ટ : ૯૧૭૩૨ ૩૬૪૨૭

**હરિ-કલા** યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢમાં અકસ્માત બાદ રાજકોટના સાળા-બનેવીને 3 અજાણ્યા શખ્સોએ ઢીકાપાટુનો માર માર્યોઃ છરી ઝીંકી

જૂનાગઢ, તા. ૧૨

જૂનાગઢમાં આવેલ જીઆઈડીસી પાસે આજે બપોરે સ્વીફ્ટ કાર અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયા બાદ ૩ અજાણ્યા શખ્સોએ સાળા-બનેવીને ઢીકાપાટુ અને છરી ઝીંકી દેતા ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટના કોઠારીયા ચોકડી પાસે રહેતા પ્રકાશભાઈ નાનજીભાઈ મોલીયા (ઉ.વ. ૪૨) અને તેના સાળા મહેશ રવજીભાઈ પાનસુરીયા સ્વીફ્ટ કારમાં જીઆઈડીસી પાસે પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની સ્વીફ્ટ કાર અને ઈકો કાર નં. જીજે ૧૦ પીઆર ૮૩૪૬ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માત બાદ ઈકો કારમાંથી ૩ થી ૪ અજાણ્યા શખ્સોએ પ્રકાશભાઈ નાનજીભાઈ મોલીયાને છરી ઝીંકી દીધી હતી જેથી તેમને સારવાર માટે જૂનાગઢની સીવીલ હોસ્પીટલે ખસેડેલ છે. જ્યારે તેમના સાળા મહેશ રવજીભાઈ પાનસુરીયાને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલા બાદ ઈકો કારમાં આવેલા અજાણ્યા શખ્સો નાસી છૂટતા પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે.

## સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ

જૂનાગઢ તા. ૧૨

સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સતત ૧૧માં વર્ષે ફૂલસ્કેપ ચોપડાનું નવા ટાઈટલ ગિરનાર -સોમનાથ સાથે રાહત ભાવે વિતરણ શરૂ કરવામાં આવેલ છે. વધુ વિગત માટે રમેશકુમાર સેવકાણી - એમ.જી. રોડ, રાણાવાવ ચોક, જૂનાગઢ. મો. ૯૪૨૭૯ ૪૬૮૨૨નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.


## વડાપ્રધાનની સુરક્ષા અને લાંબા આયુષ્ય માટે વોર્ડ ૧૦ની ભાજપ મહિલા મોરચા દ્વારા રામધુન યોજાઈ



જૂનાગઢ તા. ૧૨

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તથા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડો. દીપીકાબેન ચરાડવાનાં માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્મા તથા મહિલા મોરચાના પ્રમુખ જ્યોતીબેન વાડોલીયાનાં નેતૃત્વમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષા અને લાંબા આયુષ્ય માટે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર વોર્ડ નંબર ૧૦નાં મહિલા મોરચા દ્વારા તા. ૧૧-૧-૨૨નાં રોજ અંબીકા ચોક ખાતે આવેલા રામધુન મંદિર માં રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા, મિડીયા વિભાગનાં સંજય પંડ્યા, વોર્ડ પ્રમુખ પ્રજ્ઞેશ રાવલ, મહામંત્રી કેતન પોપટ, કુશલ પારેખ, જયશ્રીબેન જાની, રેખાબેન ભુવા, દીનાબેન મજેવાડીયા, મહિલા મોરચાના વોર્ડ પ્રમુખ ભાવનાબેન માળી, મહામંત્રી રેશમબેન પોપટ તથા બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ડો. સુભાષ આર્ય કન્યા વિદ્યાલય જૂનાગઢ ખાતે માર્ગ સલામતી જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૨

ડો. સુભાષ આર્ય કન્યા વિદ્યાલય જૂનાગઢમાં માર્ગ સલામતી જાગૃતિ અંગે ચિત્ર પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાની ધોરણ -૯ થી ૧૨ની વિદ્યાર્થિનીઓએ બહોળા ઉત્સાહથી ભાગલીધો હતો. વિદ્યાર્થિનીઓએ પોતાની ચિત્રકલા-કસબને વાચા આપવાનો પ્રયાસ કર્યો હતો. સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, મીતાબહેન ચાવડા, રાજભાઈ ચાવડા, સંસ્થાના મેનેજર રામભાઈ બોરીચા, આચાર્યા મૌસમીબહેન માકડિયાએ પ્રદર્શન નિહાળી અભિનંદન પાઠવ્યા હતા.

## આવતીકાલે પુત્રદા એકાદશી

જે કોઈ લોકોને સંતાનસુખ ના હોય તેઓએ આ પુત્રદા એકાદશીનું વ્રત કરવાથી જીવનમાં સંતાન સુખ મળશે પુત્રદા એકાદશીના અધિષ્ઠાતા દેવતા ભગવાન નારાયણ એટલે કે વિષ્ણુ ભગવાન છે. પુત્રદા એકાદશીના દિવસે સવારના વહેલા ઉઠી નિત્યકર્મ કરી પૂજામાં વિષ્ણુ ભગવાનનું પૂજન ખાસ કરવું. વિષ્ણુ ભગવાનની છબીનું પૂજન કરવું અને શ્રી કૃષ્ણ ભગવાન હોય સાથે તો તેનું પણ પૂજન કરવું એટલે બાળગોપાળના સ્વરૂપનું પૂજન કરવું આખો દિવસ ઉપવાસ અથવા એકટાણું રહેવું ખાસ કરીને ફળ અને દૂધ ખાઈને રહેવાથી શુભ વધારે મળે છે

આ એકાદશીના દિવસે સાંજના સમયે સત્યનારાયણ ભગવાનની કથા કરવી પણ ઉત્તમ રહેશે સત્યનારાયણ ભગવાનની કથામાં પણ સાધુ વાણીયાને સંતાન નહોતું તે પણ સત્યનારાયણ ભગવાનની કથાનો સંકલ્પ કરે છે અને સંતાન થાય છે આથી આ પુત્રદા એકાદશીના દિવસે સત્યનારાયણ ભગવાનની કથા કરવી પણ ઉત્તમ ગણાય આ દિવસે ભગવાનનું કીર્તન કરવું બપોરના સૂવું નહીં રાત્રિના બાર વાગ્યા સુધીનું જાગરણ કરવું અને સાંજના સમયે એકાદશીની કથાનું શ્રાવણ અને પઠન કરનારને અશ્વમેઘ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે અને સંતાન સુખની પ્રાપ્તિ થાય છે અને ખાસ કરીને જે લોકોને પોતાના સંતાન સાથે ભળતુ ના હોય તો તેઓએ પણ આ એકાદશીનું વ્રત કરવાથી સંતાન સાથે મેળ વધે છે

એકાદશીની કથાનો બોધ :જીવનમાં ક્યારેય પણ નાસીપાસ ન થવું તમારી બધી જ સાચી સમસ્યાનો ઉકેલ આપણા વેદ પુરાણોમાં છે જ અને કપરા સમયે સજ્જન સારા માણસની સલાહ લેવી ગમે તેવી મુસીબત આવશે દૂર થશેજ અને શુભ ફળની પ્રાપ્તિ થશે જ.

- શાસ્ત્રી રાજદીપ જોશી, વેદાંત રત્ન.

## દારૂ પીવાની કુટેવ ધરાવતા દ્વારકાના યુવાને આપઘાત કર્યો

દ્વારકા તા. ૧૨


દ્વારકા ટી.વી સ્ટેશન વિસ્તારમાં રહેતા રાજુભા જેઠાભા માણેક (ઉ.વ. ૪૨)એ રાત્રિના સમયે એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી રૂમની બાલ્કનીમાંથી નીચે ઝંપલાવી દેતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તેમનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે મૃતકના સાળા દ્વારકાના અંબુજાનગર વિસ્તારમાં આવેલી તીર્થ રેસિડેન્સી એપાર્ટમેન્ટમાં રહેતા માનભા ગજુભા કેર નામના ૪૫ વર્ષના યુવાને દ્વારકા પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ મૃતક રાજુભા માણેકને છેલ્લા ઘણા સમયથી ખૂબ જ દારૂ પીવાની ટેવ હોવાથી બારેક દિવસ પહેલાં તેમને પેટની વિવિધ બીમારીઓના કારણે હોસ્પિટલમાં લઈ જતા તેમની તબીબી તપાસમાં તેમના લીવરમાં સોજો હોવાથી ડોકટરે તેમણે દારૂ ન પીવાની સૂચના આપી હતી. આથી તેમના પરિવારજનોએ રાજુભાને દારૂ મૂકી દેવાનું કહી તેના સાળા માનભા કેર તેમને પોતાના ઘરે લઈ આવ્યા હતા. જયાં તેમને ત્રણેક દિવસથી દારૂ મળ્યો ન હોવાથી આ બાબતે કંટાળીને રાત્રિના સમયે એપાર્ટમેન્ટના ત્રીજાથી પડતું મૂકીને જિંદગી ટૂંકાવી લીધી હતી. આ સમગ્ર બનાવ અંગે દ્વારકા પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી.

### યુવાને ઝેરી ટીકડા ખાઈને આપઘાત કર્યો

ખંભાળિયાની રામનાથ સોસાયટી વિસ્તારમાં રહેતા દિનેશભાઈ અરજણભાઈ રાવલીયા નામના યુવાન છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે તણાવનો અનુભવ કરી રહયા હતા. આ વચ્ચે તેમણે ગત તારીખ ૧૦ મી ના રોજ રાત્રીના સમયે પોતાના હાથે ઝેરી દવાના ટીકડા ગળી જતાં તેમને સારવાર અર્થે અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ અરજણભાઈ પુંજાભાઈ રાવલીયાએ અહીંની પોલીસને કરી છે.

ખંભાળિયામાં રાજસ્થાનના જ્યોતિષાચાર્ય પ્રભુ પુષ્કર્ણાનો જ્યોતિષ લોક દરબાર

## જ્યોતિષ શાસ્ત્ર સો ટકા સત્ય છે, જ્યોતિષકાર ખોટો હોઈ શકેઃ શાસ્ત્રીજી



જામ ખંભાળિયા, તા. ૧૨

રાજસ્થાનના પુષ્કર્ણા બ્રાહ્મણ તથા વિશ્વવિખ્યાત જ્યોતિષ આચાર્ય પ્રભુભાઈ પુષ્કર્ણાનો લોક દરબાર તાજેતરમાં ખંભાળિયાના ગણાત્રા હોલ ખાતે વિનામૂલ્યે યોજવામાં આવ્યો હતો. ખંભાળિયાના પુષ્કર્ણા બ્રાહ્મણ દિલીપભાઈ મગનલાલ બોડાના સૌજન્યથી યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં જ્યોતિષ બાબતે વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભૂતકાળ, ભવિષ્યકાળ તથા વર્તમાનકાળના સચોટ માર્ગદર્શનના કારણે આ સ્થળે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. બપોરે બે વાગ્યે શરૂ થયેલો આ કાર્યક્રમ લોકોના આકર્ષણ તથા સંખ્યાના કારણે રાત્રે અઢી વાગ્યા સુધી ચાલ્યો હતો. જેમાં શાસ્ત્રીજીએ અનેક વ્યક્તિઓને વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરાવી આપ્યું હતું. ગઈકાલે મંગળવારે પણ શાસ્ત્રીજીના અલભ્ય જ્ઞાનનો લાભ અનેક નગરજનોએ લીધો હતો. શાસ્ત્રી પ્રભુભાઈ સાથેની મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે જ્યોતિષશાસ્ત્ર સો ટકા સાચું છે. આ શાસ્ત્ર ગણિત જેવું હોવાના કારણે તે સત્ય છે, તેની ગણતરીમાં જ્યોતિષકાર કદાચ ખોટો હોઈ શકે પરંતુ શાસ્ત્ર ક્યારેય ખોટું નથી. આ બાબત વિજ્ઞાન પણ તેનું રહસ્ય ઉકેલી શક્યું નથી. સૂર્ય, ચંદ્ર ગ્રહણ વિશે કલાક સેકન્ડ સહિતનો સાચો સમય આ જ્યોતિષશાસ્ત્ર જ બતાવે છે. લોકોની સમસ્યા હલ કરવા ભગવાનની સિદ્ધિ તાર્કિક રીતે વિસ્મિત કરતા તેમના પ્રશ્નોના ઉત્તરો પણ જાહેરમાં આપ્યા હતા.

ફ્રાંસ ભારતને ૩૬ રાફેલ વિમાન આપવાનું છે

## ભારતને વધુ ત્રણ રાફેલ વિમાન ફેબ્રુઆરીમાં મળશે

### છેલ્લું રાફેલ વિમાન એપ્રિલ માસમાં ભારતને મળી જશે

નવી દિલ્હી, તા.૧૨

ભારતીય વાયુસેનાને વધુ ત્રણ રાફેલ વિમાન ફેબ્રુઆરી મહિનામાં મળી જશે. એક કે બે ફેબ્રુઆરીએ આ ત્રણ વિમાનો ભારત પહોંચે તેવી શકયતા છે.આ વિમાનોને સંપૂર્ણપણે ભારતની જરૂરિયાતોના પ્રમાણે ઉપકરણોથી સજજ કરાયા છે. જયારે છેલ્લુ રાફેલ વિમાન એપ્રિલમાં ભારતને મળી જશે. જો હવામાન સારૂ રહયું તો ૧ અથવા બે ફેબ્રુઆરીએ આ વિમાન ભારત આવવા રવાના થશે.ત્રણ વિમાનો નોન સ્ટોપ ઉડાનમાટે હવામાં જ રિફ્યુલિંગ કરશે. અંતિમ રાફેલ વિમાન પણ તૈયાર થઈ ચુકયુ છે.

જે એપ્રિલ ૨૦૨૨માં ભારતને મળશે.ફ્રાંસે ભારતને ૩૬ રાફેલ આપવાનુ નક્કી કર્યુ છે. ભારત માટેના રાફેલને હવાથી હવામાં માર કરતા લાંબા અંતરના મિટિયોર મિસાઈલ, લો બેન્ડ ફ્રિન્સવી જામર્સ, રડાર વોર્નિંગ રિસિવર, સિન્થેટિક અપર્ચર રડાર, ગ્રાઉન્ડ મુવિંગ ટાર્ગેટ ઈન્ડિકેટર, મિસાઈલ એપ્રોચ વોર્નિંગ સિસ્ટમ ,અત્યંત હાઈ ફ્રિક્વન્સી રેન્જ ડિકોટ વડે સજ્જ કરાયા છે. ભારતના સ્વદેશી એરક્રાફટ કેરિયર માટે તાજેતરમાં રાફેલના નેવલ વર્ઝનની પણ નૌસેના દ્વારા ટ્રાયલ લેવામાં આવી હતી.

## ખંભાળિયા રેડક્રોસ સંસ્થા દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

જામ ખંભાળિયા, તા. ૧૨

ખંભાળિયાની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંસ્થા દ્વારા તાજેતરમાં અહીંની જાણીતી ધાર્મીક સંસ્થા ગાયત્રી ગરબા મંડળના આર્થિક સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. જેમાં ૧૨૧ બોટલ ૩૬,૩૦૦ સી.સી. રક્ત એકત્ર થયું હતું. આ કેમ્પમાં સંસ્થાના શ્રેયસ મજીઠીયા, મિલન સાયાણી તથા મૌલિક વાયાએ સપરિવાર રકતદાન કરી, સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું. તમામ રક્તદાતાઓને ગાયત્રી ગરબા મંડળ અને રેડક્રોસ દ્વારા કુલ બે વસ્તુઓ સ્મૃતિ ભેટ તરીકે આપવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા સંસ્થાના ડીસ્ટ્રિક્ટ ચેરમેન કિરીટ મજીઠીયા, મિલન સાયાણી, હાડાભા જામ વિગેરેએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ કેમ્પને સફળ બનાવવા બદલ રક્તદાતાઓનો સંસ્થાઓ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સોમનાથ બાયપાસ ઉપર પથ્થર ભરેલ ટ્રેક્ટર-ટ્રોલીને પાછળથી સ્કુલ બસે જોરદાર ટકકર મારી

### અકસ્માતમાં સ્કુલ બસમાં સવાર ત્રીસેક જેટલા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ જયારે ટ્રોલીમાં બેસેલ મજુરને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૨

ગઈકાલે બપોરના સમયે વેરાવળ-સોમાનાથ બાયપાસના નેશનલ હાઈવે ઉપર વિદ્યાર્થીઓ ભરેલ સ્કુલ બસએ આગળ જઈ રહેલ પથ્થર ભરેલ ટ્રેકટરને પાછળથી જોરદાર ટકકર મારતા ટ્રેકટર ગોથુ મારી ગયેલ હતું. જેમાં ટ્રોલીમાં બેસેલ એક મજુરને ઈજા પહોંચી હોવાથી ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયો છે. જયારે સ્કુલબસમાં સવાર ત્રીસથી વધુ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. જો કે, આ જોરદાર અકસ્માતના સીસીટીવી ફૂટેજો સામે આવ્યા છે. આ અકમાતની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અકસ્માતની પ્રાપ્ત વિગતો અનુસાર વેરાવળ-સોમનાથ બાયપાસ નેશનલ હાઈવે ઉપર પ્રથમ ઓવરબ્રીજ પુર્ણ થાય છે ત્યાંથી થોડે આગળ બપોરના બેએક વાગ્યા આસપાસ વેરાવળથી સોમનાથ તરફ જઈ રહેલ પથ્થર ભરેલ ટ્રેકટર-ટ્રોલીને પાછળથી પુરપાટ આવતી એક પીળા કલરની સ્કુલ બસએ જોરદોર ટકકર મારી હતી. જેના લીધે ટ્રેકટરના ચાલકએ સ્ટેયરીંગ ઉપર કાબુ ગુમાવતા ટ્રોલી સાથે ટ્રેકટર રસ્તાની સાઈડમાં ઉતરી જઈ ગોથુ મારી ગયું હતું. જેમાં ટ્રેકટરની ટ્રોલીમાં બેસેલ એક મજુરને ગંભીર ઈજા પહોંચી હોવાથી ત્વરીત સારવાર અર્થે ખાનગી દવાખાને ખસેડવામાં આવેલ હતો. જયારે અકસ્માત અંગે સ્થળ ઉપર હાજર લોકો પાસેથી જાણવા મળ્યા મુજબ આ ગંભીર અકસ્માતમાં સ્કુલ બસમાં ત્રીસથી વધુ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. ટ્રેકટરને ટકકર મારનાર બસ શીશુ મંદિર ઈન્ટરનેશનલ સ્કુલની હોવાનું જણાવી રહયા હતા. ટકકર એટલી જોરદાર હતી કે ટ્રેકટરમાંથી ટ્રોલી પણ છુટી પડી જતા બંને વિરૂધ્ધ દિશામાં ફંટાય ગયા હતા. આ અકસ્માતના સ્થળ નજીક એક સીસીટીવીમાં અકસ્માતના દ્રશ્યો કેદ થઈ ગયા હતા. આ અકસ્માતની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લાટી ગામે વીજ કામગીરી કરી રહેલ લાઈનમેનને ભાજપના તાલુકા પંચાયત સભ્ય અને પૂર્વ સરપંચે ધમકી આપી, ફરજમાં રૂકાવટ કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૨

ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના લાટી ગામે પીજીવીસીએલ સ્ટાફ દ્વારા વિજ કામગીરી માટે પુરવઠો બંધ કરેલ હતો. તે સમયે લાટી ગામના પૂર્વ સરપંચ અને તાલુકા પંચાયતના ભાજપના સભ્ય દ્વારા વીજ કર્મચારીને ફોન કરી "કોના હુકમથી વિજ પુરવઠો બંધ કરેલ છે" તેમ કહી બીભત્સ શબ્દો બોલી ટાટીયા ભાંગી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. આ અંગે પીજીવીસીએલના આસી.લાઈનમેન દ્વારા ફરીયાદ કરતા પોલીસે ફરજમાં રૂકાવટ સહીતની કલમો હેઠળ પુર્વ સરપંચ અને ભાજપના તાલુકા પંચાયત સભ્ય સામે ગુનો નોંધેલ છે.

આ અંગે સુત્રાપાડા પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ પીજીવીસીએલમાં આસી.લાઈનમેન તરીકે ફરજ બજાવતા અરજણ જીવાભાઈ બારડ (ઉ.વ.૪૧) સહીતનો સ્ટાફ લાટી ગામે ગઈકાલે બળી ગયેલ ટ્રાન્સફોર્મ બદલવાની કામગીરી કરવા માટે વીજ પુરવઠો બંધ કરી કામગીરી કરી રહેલ હતા. તે સમયે લાટી ગામના પૂર્વ સરપંચ દાનાભાઈ સોલંકી તથા સુત્રાપાડા તાલુકા પંચાયતના ભાજપના સભ્ય જેન્તી દાનાભાઈ બારડે અરજણભાઈને ફોન કરી "કોના હુકમથી વિજ પુરવઠો બંધ કરેલ છે" તેમ કહી બીભત્સ શબ્દો બોલી ટાટીયા ભાંગી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. આ અંગે આસી.લાઈનમેન અરજણભાઈએ પુર્વ સરપંચ અને ભાજપના તા.પ.સભ્ય સામે ફરીયાદ કરતા સુત્રાપાડા પોલીસે ફરજમાં રૂકાવટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

એક નવો અભ્યાસક્રમ ઉમેરવામાં આવ્યો

## 3300 વિદ્યા સહાયકોની ભરતીની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા.૧૨

સરકારી પોલિટેક્નિકલમાં ડિપ્લોમાંનો એક નવો અભ્યાસક્રમ ઉમેરવામાં આવ્યો છે. ડિપ્લોમાં ઈન કન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનનો નવો અભ્યાસક્રમ વડાપ્રધાન મોદીનાં ડિજિટલ ભારતના સ્વપ્નને સાકાર કરશે તેવું પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ હજારો યુવાધનને આનો લાભ મળશે. વડનગર, મોરબી, રાજકોટ અને પાલનપુર તથા કન્યાઓની પોલિટેક્નિક કોલેજ સુરત, અમદાવાદ અને ગાંધીનગરને પણ આનો લાભ મળશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલના માર્ગદર્શન હેઠળ અલગ અલગ વિભાગો દ્વારા સંવેદનાથી યુવાનોની ભરતી થાય અને સ્કીલ વિકસે તેવા પ્રયાસો સરકાર સતત કરી રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા પણ ટુંક સમયમાં જ વિદ્યા સહાયકોની ભરતી પણ ટુંક સમયમાં જાહેરાત થશે તેવું પણ જણાવ્યું. આમાં દિવ્યાંગોની ટકાવારી ૩ થી વધારીને ૪ કરવામાં આવી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં આ કાર્યવાહી પુર્ણ કરી દેવાઈ છે. પ્રદીપ પરમાર અને અન્ય વિભાગના અધિકારીઓએ આ કામગીરી ઝડપી થઈ ચુકી છે. ટુંક જ સમયમાં આ ભરતીની જાહેરાત ટુંક સમયમાં થશે. ૩૩૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી ટુંક જ સમયમાં ભરતી થશે. ધોરણ ૧થી ૫માં ૧૩૦૦ થી વધારે વિદ્યા સહાયકો ૬ થી ૮માં ૨ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવશે તેવું જીતુભાઈ વાઘાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. આ મોડુ થવાનું કારણ વહીવટી ગુંચ હોવાના કારણે મોડી પડી હતી. અમારી સરકારે આવતાની સાથે જ આ ભરતી ટુંક સમયમાં આવશે. જેના કારણે ટેટનાં નવા પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ આ ભરતીનો લાભ લઈ શકશે. કોર્ટના આદેશો અને કોર્ટના હુકમો ભુતકાળમાં અલગ અલગ થતા રહે છે અને તેના કારણે અલગ અલગ વિભાગો દ્વારા આ આદેશોનું પાલન થાય છે. સુત્રો અનુસાર આગામી ૧૦ દિવસની અંદર આ અંગેનું અધિકારીક નોટિફિકેશન આવે તેવી શક્યતા છે.

ભારત સરકારની નવી ગાઈડલાઈન

## વિદેશથી આવનારાએ ૭ દિવસ હોમ ક્વોરન્ટાઈન થવું પડશે

નવી દિલ્હી, તા.૧૨

કોરોનાના વધી રહેલા કેસોના પગલે હવે વિદેશથી આવતા યાત્રીઓ માટે સરકારે વધારે આકરા નિયંત્રણો લાગુ કર્યા છે. ભારત સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન પ્રમાણે હવે વિદેશથી આવનારા વ્યક્તિએ સાત દિવસ માટે હોમ ક્વોરેન્ટાઈન થવુ પડશે.આઠમા દિવસે તેમનો આરટી પીસીઆર ટેસ્ટ કરવામાં આવશે.આ ગાઈડ લાઈન આજથી લાગુ કરવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવુ છે કે, કોરોનાની ગંભીર સ્થિતિને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિદેશથી આવનારાને તરત જ બહાર નિકળવાની કે આમ તેમ ફરવાની મંજૂરી નહી મળે.તેમને પહેલા હોમ ક્વોરેન્ટાઈનાં રહેવુ પડશે અને આઠ દિવસ બાદ ટેસ્ટ કરાવવો પડશે.

તમામ મુસાફરોએ એર સુવિધા પોર્ટલ પર પોતાની તમામ જાણકારી આપવી પડશે અને ૧૪ દિવસ દરમ્યાન ક્યાં કયાં મુસાફરી કરી તેની જાણકારી આપવી પડશે. મુસાફરે વિદેશ યાત્રા શરૂ કરતા પહેલા મહત્તમ ૭૨ કલાકની અંદર કરેલો આરટી પીસીઆર ટેસ્ટનો રિપોર્ટ અપલોડ કરવો પડશે.તેમણે ક્વોરેન્ટાઈનના તમામ નિયમોનુ પાલન કરવાની ખાત્રી આપવાની રહેશે.ઉપરાંત સાત દિવસના ક્વોરન્ટાઈન બાદ આઠમા દિવસે કરાવેલા કોરોના ટેસ્ટનો રિપોર્ટ પણ એર સુવિધા પોર્ટલ ઉપર અપલોડ કરવાનો રહેશે.

## જૂનાગઢમાં ભાડે આપેલા મકાનનો કબ્જો પોલીસની સમયસરની મદદથી મળી જતા પરીવાર ખુશખુશાલ થયો

(અનુ. પાના ૮નું ચાલુ....)

અને મકાન ખાલી કરી, મકાનની ચાવી સોંપી આપેલ હતી. ઉપરાંત, અત્યાર સુધીનું બાકી ભાડું પણ આઠેક મહિનામાં પરત આપવા લખાણ લખી આપતા, સિનિયર સીટીઝન એવા અરજદાર દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, અરજદારોને પોતાના મકાન યોગ્ય વ્યક્તિને ભાડે આપવા અને તકેદારી રાખવા વિનંતી પણ કરવામાં આવેલ હતી. અરજદારને પોલીસનો આવો અનોખો અનુભવ અને પોતાના જિંદગીના કમાણી સમાન મકાનનો કબ્જો પરત મળતા, ખૂબ જ આનંદિત થઈ, અરજદાર દ્વારા આનંદ વ્યક્ત કરી, જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાની જિંદગીની કમાણી સમાન મકાન હાથમાંથી જતું રહેત, એવી લાગણી વ્યક્ત કરી, કામ કરનાર જૂનાગઢ પોલીસ સ્ટાફનો વારંવાર આભાર વ્યક્ત કરતા હોય, સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ભાવવાહી દ્રશ્યો સર્જાયા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ.ના ઉપક્રમે

# જી.પી.એસ.સી. દ્વારા ડીવાયએસપી પદે પસંદગી પામનાર રીમાબેન કુલદીપસિંહ ડોડીયાનો અભિવાદન સમારોહ સંપન્ન





રાજકોટ તા.૧૨

તાજેતરમાં જી.પી.એસ.સી. દ્વારા લેવાયેલ વર્ગ ૧-૨ની પરીક્ષામાં લેખિત અને મૌખિક બંનેપરીક્ષાઓ પ્રથમ પ્રયાસે ઉચ્ચ ગુણાંકન સાથે પાસ કરી ડીવાય.એસ.પી. (વર્ગ ૧) પદે પસંદગી પામનાર રીમાબેન કુલદીપસિંહ ડોડીયાનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણીના અધ્યક્ષસ્થાને અને ગુજરાતવિદ્યાપીઠ અમદાવાદના પૂર્વ કુલપતિ ડો. અનામિક શાહની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો. સમારોહની શરૂઆત ડો. વિજયભાઈ દેશાણી, બિલ્ડર યોગેશભાઈ ગરાળા અને ઉદ્યોગપતિ શૈલેષભાઈ પટેલના હસ્તેદીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ હતું. સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ સ્વાગત પ્રવચન સાથે મહેમાનોનો પરિચય આપેલ હતો. આ પ્રસંગે કારોબારી સભ્ય તૃપ્તિબેન ભરતભાઈ વાજાએ પ્રાસંગિક ઉદબોધન કરતા રીમાબેન ડોડીયાની આ યશશ્વી સિદ્ધિને બિરદાવી અને તેના પિયર અને સસરા પક્ષને અભિનંદન આપ્યા હતા. પ્રાસંગિક ઉદબોધન કરતા ડો. શિવાંગી નિલેશભાઈ મંડાવિયાએ રીમાબેન ડોડીયાની સિદ્ધિને બિરદાવી તેઓની પોલીસ અધિકારી તરીકેની ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રાસંગિક ઉદબોધન કરતા સોસાયટીના મંત્રી અને વરિષ્ઠ ઉદ્યોગપતિ સાજીભાઈ મેથ્યુએ જણાવ્યું હતું કે, સોસાયટીના કોઈપણ સભ્યના પરિવારમાંથી યુ.પી.એસ.સી. કે જી.પી.એસ.સી. દ્વારા વર્ગ ૧ કે ૨ના અધિકારી માટે લેવાતી પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરે તો તેનો ગરિમા પૂર્ણ સન્માન સમારોહ યોજવા કારોબારીના તમામ સભ્યોએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સન્માન પત્રનું વાંચન ડો. પૂજા પરસાણીયાએ કર્યું હતું. ત્યારબાદ ડો. વિજયભાઈ દેશાણી અને ડો. અનામિક શાહના હસ્તે રીમાબેન કુલદીપસિંહ ડોડીયાને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. સન્માનનો પ્રત્યુત્તર આપતા રીમાબેન ડોડીયાએ જણાવ્યું હતું કે, પોતાની આ સિદ્ધિમાં સૌથી મોટો ફાળો તેમના પતિ આર્કીટેક કુલદીપસિંહ ડોડીયા તેમજ પિયર અને સસરા પક્ષના તમામ સભ્યોનો રહ્યો છે. આ ઉપરાંત તેમણે કેવા દ્રઢ નિશ્ચયથી જી.પી.એસ.સી.ની પરીક્ષાની તૈયારી કરી હતી તેની માહિતી આપી સન્માન બદલ સોસાયટીના તમામ કારોબારી સભ્યોનો આભાર માન્યો હતો. રીમાબેન કુલદીપસિંહ ડોડિયાએ સન્માનપત્ર સ્વીકાર્યું ત્યારે તેમના પતિ આર્કીટેક કુલદીપસિંહ ડોડીયા, સાસુ ધિરાજબા ડોડીયા, માતા લલીતાબેન ઝાલા, કાકી મંજુબેન ઝાલા અને નણંદ ડો. ભાર્ગવીબેન ડોડીયા અને ભાઈ આર્યમાન દીપસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. નિલેશભાઈ માંડવીયા અને રેખાબેન માંડ્વીયા દ્વારા રીમાબેન ઝાલાને મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ડી.પી. ત્રિવેદી, શરદભાઈ જાની અને દિલીપભાઈ આહ્યા વગેરે દ્વારા રીમાબેનને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતા ડો. વિજયભાઈ દેશાણીએ જણાવ્યું હતું કે, આ સોસાયટીની કારોબારી સમિતિમાં મહત્તમ સંખ્યા બહેનોની છે જે સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે. આપણા સમાજમાં પુત્ર અને પુત્રીના ઉચ્ચ અભ્યાસ માટે માતા-પિતા હંમેશા મહત્વની ભૂમિકા ભજવતા જોવા મળે છે. પરંતુ એક પુત્રવધુને પોતાના સપના સાકાર કરવા યોગ્ય વાતાવરણ અને પ્રોત્સાહન અપાતું હોય તેવું બહુ ઓછા કિસ્સામાં બનતું હોય છે. આ સ્થિતિમાં રીમાબેન કુલદીપસિંહ ડોડીયા એ દ્રઢ નિશ્ચય અને કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એ ઉક્તિ સાર્થક કરીને આ સફળતા હાંસલ કરી છે. આભારવિધી સોસાયટીના પ્રમુખ ડો. જયદીપસિંહ ડોડિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખુબ જ સુંદર રીતે પોતાની આગવી શૈલીમાં ડો. શિવાંગી નિલેશભાઈ માંડ્વીયાએ કર્યુંહતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના મંત્રી સાજીભાઈ મેથ્યુ, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, કારોબારી સભ્ય શૈલેષભાઈ પટેલ, નિલેશભાઈ માંડવીયા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો. શિવાંગી માંડવીયા, હરેશભાઈ કુંડલ, રાજેશભાઈ મેહતા તેમજ સુમિત પરમાર સહિત તમામ લોકોએ જહેમત ઉઠાવી હતી.

# તાલુકા હેલ્થ ઓફીસ જૂનાગઢ દ્વારા કોરોના નિયંત્રણ માટે સઘન કામગીરી




જૂનાગઢ, તા.૧૨

તાલુકા હેલ્થ ઓફીસ જૂનાગઢ દ્વારા કોરોના નિયંત્રણ માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જૂનાગઢ તાલુકાના ગામોને આવરી લઈ દરરોજ ૨ ધનવંતરી રથ ૪ ગામની મુલાકાત લઈ લોકોનું ટેસ્ટીંગ, સ્ક્રીનીંગ તેમજ ઉકાળાનું વિતરણ કરે છે. ઉપરાંત ૧૫ વર્ષથી ઉપરના કોઈ બાકી વ્યકિત હોય તો તેને વેકસીન આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં શરદી, ઉધરસ, તાવ કે ગળામાં દુઃખાવો જણાઈ તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક સાધી ટેસ્ટ કરાવી જરૂરી સારવાર લેવી. આ લક્ષણવાળા દર્દીઓને હોમ આઈસોલેશનમાં રહેવા તાલુકા હેલ્થ ઓફિસર ચાવડાની યાદીમાં જણાવાયું છે.

# કોવીડ-૧૯ અન્વયે જૂનાગઢ જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મુલત્વી રખાઈ

જૂનાગઢ,તા.૧૨

કોવીડ-૧૯ અન્વયે જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મુલત્વી રાખવામાં આવેલ છે. જિલ્લા સંકલન સમિતિ તથા ફરિયાદ સમિતિની મીટીંગ દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. હાલમાં કોવીડ-૧૯ કોરોના વાયરસથી થતા રોગચાળાને ફેલાતો અટકાવવા માટે અગમચેતીના ભાગરૂપે તા.૧૫/૧/૨૦૨૨ ના જિલ્લા સંકલન સમિતિ અને જિલ્લા ફરિયાદ સમિતિની બેઠક મુલત્વી રાખવામાં આવેલ છે. જેની સંબંધિત તમામને નોંધ લેવા નિવાસી અધિક કલેકટર જૂનાગઢ જિલ્લા દ્વારા જણાવવામાં આવ્યું છે.

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ રાષ્ટ્રીય યુવા દિને

# જૂનાગઢમાં સમૂહમાં વંદે માતરમ્ ગાન ગવાયું

## વક્તવ્ય, ગીતસ્પર્ધા, ચિત્રસ્પર્ધા એમ અનેકવિધ જાહેર કાર્યક્રમો યોજાયા

જૂનાગઢ, તા.૧૨

સ્વાધીનતા અમૃતપર્વ નિમિત્તે રાષ્ટ્રનાં અમર હુતાત્માઓને વિરાંજલી આપવાનું આયોજન કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમથી આપણા પૂર્વજોના પરાક્રમ, શૌર્ય, સાહસ અને રાષ્ટ્રીય ભક્તિ સાથે પરિચિત કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. જે અંતર્ગત સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ રાષ્ટ્રીય યુવા દિન દિનાંક ૧૨ જાન્યુઆરી – ૨૦૨૨ને બુધવાર સવારે ૧૧:૦૦ કલાકે સંપૂર્ણ સમાજ એકત્રિત થાય તે માટે જૂનાગઢ જિલ્લાની સરકારી ખાનગી શાળા, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સહયોગથી કોલેજો, કૃષિ યુનિવર્સિટી, આંગણવાડી, ગુજરાત યોગ બોર્ડના યોગ કેન્દ્ર, મોટી હવેલી સાથે એમની પાઠશાળા, ગૌશાળા, પુષ્ટિ સંસ્કાર ધામ, હરિઓમ યુવક મંડળ દ્વારા વિવિધ ૭૦ યુવક મંડળ, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માંગનાથ, એમ.જી.રોડ, ઢાલ રોડ, કાળવા ચોક, જવાહર રોડ, જોષીપરા જી.આઈ.ડી.સી. દાણપીઠ, માર્કેટીંગયાર્ડ વેપારીઓ, ઉદ્યોગો, ભવનાથ, ભારતી આશ્રમ, ગુરૂ ગોરખનાથ આશ્રમ, વિવિધ ધાર્મિક સ્થાનો, જૂનાગઢ જિલ્લાના વિવિધ બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, મેડિકલ કોલેજ, કે જે નિદાન કેન્દ્ર, ડો.પાનસુરીયા દ્વારા હોસ્પિટલમાં, સોસાયટી–એપાર્ટમેન્ટ, ગરબી મંડળો, ગૌશાળા, સખી મંડળની બહેનો દ્વારા જૂનાગઢ નગરના દરેક વોર્ડમાં દરેક જગ્યાએ સમૂહમાં વંદે માતરમ્ ગાનનું આયોજન થયું હતું. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના એફ.એમાથી રોજ સવારે ૯.૦૦ અને સાંજે ૫.૦૦ સાથે તેમજ જી.ટી.પી.એલ. ઉપરથી ૧૨ જાન્યુઆરીના સવારે ૧૧:૦૦ વાગ્યે વંદે માતરમ્ ગાન પ્રસારીત થયું હતું. આ કાર્યક્રમનાં અનુસંધાને વક્તવ્ય, ગીતસ્પર્ધા, ચિત્રસ્પર્ધા એમ અનેકવિધ જાહેર કાર્યક્રમો પણ યોજાયા હતા. વંદે માતરમ ગીતના અભ્યાસ વર્ગ, વંદે માતરમ ગાનનો ઈતિહાસ સાથે વંદેમાતરમ ગાનનો ઓડિયો પણ ઉપ્લબ્ધ કરાવેલ. આ બધા કાર્યક્રમોનો આત્મા વંદે માતરમ રહ્યો હતો. સ્વાધીનતાના અમૃત પર્વ ઉપર વિરાજંલી કાર્યક્રમમાં રાષ્ટ્રભાવના સંસ્કારોના સિંચન સાથે સાથે, એકી સાથે એક સ્વરમાં નામી અનામી વિરોને દરેક સ્થળે સમુહગાનથી શ્રધ્ધા સુમન સાથે વંદે માતરમ ગાન ગવાયું હતું. માધવ સ્મારક સમિતિ જૂનાગઢ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

# ઉનાના ગાંગડા ગામના ખેડૂતે કાશ્મીરી બોરની ખેતી કરી લાખો રૂપિયાની આવક મેળવી



(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૧૨

બજારોમાં અનેક પ્રકારના બોર મળે છે પરંતુ એપલ બોરની માંગ વધુ છે. ત્યારે ઉનાના ગાંગડા ગામના પ્રગતિ શિલ ખેડૂત ભીખુભાઈ ખસિયાએ કાશ્મીરી રેડ એપલ બોરની સફળ ખેતી કરી ઉના અને ગિર-સોમનાથ જિલ્લામાં બાગાયતી પાકમાં નવી જાતનો ઉમેરો કર્યો છે. માત્ર ૮ ધોરણ પાસ કરી કરિયાણાની નાની એવી દુકાનમાં વ્યવસાય કરી પિતાની સાથે ખેતીનો વ્યવસાય અપનાવ્યો છે. ગત વર્ષ લોકડાઉનનાં નવરાશના સમયનો સદુપયોગ કરી અને પાંચ વીઘા જમીનમાં ૮૦૦ જેટલા બોરના પ્લાન્ટ ઉગાવી ૧૪ લાખથી વધુની આવક મેળવી આત્મનિર્ભર બન્યા છે. ગાંગડા ગામના એક યુવા પ્રગતિશીલ ખેડૂત ભીખુભાઈ ખસિયાએ તેમના ભાઈ ગંભીરભાઈ ખસિયા સાથે મળી લોકડાઉનનાં સમયમાં કાશ્મીરી રેડ એપલ બોરની સફળ ખેતી કરી ગિર-સોમનાથ જિલ્લામાં બાગાયતી ખેતીમાં અભિનવ પ્રયોગની નવી કેડી કંડારી હતી. કોઈપણ જાતના ખાતર કે બિયારણ વગર સંપૂર્ણ ઓર્ગેનિક અને ગાય આધારિત એપલ બોરની ખેતીમાં તેમણે છાણીયું ખાતર અને ગૌમુત્રનાં ઉપયોગ થકી આ વર્ષે લાખોનું ઉત્પાદન મેળવ્યું હતું. તેમણે કોલકતાથી રેડ એપલ બોરના પ્લાન્ટ મંગાવી પોતાની જમીનમાં તેનું ઉત્પાદન કર્યું છે. હાલમાં તેમણે પ્રયોગાત્મક ધોરણે ૮૦૦ જેટલા એપલ બોરના પ્લાન્ટનું સફળ વાવેતર કરી ગત વર્ષ કરતા વધુની કમાણીનું ઉત્પાદન મેળવ્યું હતું. ખાવામાં સફરજન જેવા મીઠા અને દેખાવે નાના લાગતા આ બોર બજારમાં ૫૦ થી ૭૦ રૂપિયે કિલોના ભાવે વેંચાય છે.

# માયનોરીટી કો-ઓર્ડિનેશન કમિટી દ્વારા ગીર સોમનાથ જિલ્લા લઘુમતી સમુદાયના સરપંચોનો પ્રથમવાર સન્માન સમારંભ યોજાયો





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૨

ગીર સોમનાથ જીલ્લાના વડા મથક એવા વેરાવળમાં સારકો ફાર્મ હાઉસ ખાતે હાલમાં યોજાયેલ સરપંચોની ચૂંટણીઓ દરમ્યાન વિજેતા સરપંચોનો સન્માન સમારંભ તા. ૯-૧-૨૨ના રોજ ફારૂક મલિક પેરેડાઈઝની આગેવાનીમાં રાખવામાં આવેલ હતો. જેમાં અધ્યક્ષ સ્થાન એમસીસીનાં કન્વીનર મુજાહિદભાઈ નફિસએ સંભાળેલ. આ કાર્યક્રમમાં દરેક રાજકીય પાર્ટીના હોદ્દેદારો જુદી જુદી જમાતોના પ્રમુખો, શિક્ષણવિદો, ઉદ્યોગપતિઓ, મ્યુનિસિપલ કાઉન્સિલરો, વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા સામાજિક કાર્યકરો, તેમજ લઘુમતી સમુદાયના આગેવાનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ હતી. સંમેલનમાં મુજાહિદ નફિસએ સરપંચોને કહ્યું કે તમે લોકતંત્રની મહત્વપૂર્ણ પગથિયાં ઉપર છો તમારે ગામના શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે યોગદાન આપવાનુંછે અને એવો પ્રયાસ કરજો જેથી લોકો ભવિષ્યમાં આ કાર્યકાલને યાદ રાખે. વરસાદી માહોલ હોવા છતાંપણ ૧૪માંથી ૧૧ સરપંચ, તેમના પ્રતિનિધિત્વ કરતા લોકો અ. સત્તાર તવાણી સીડોકર, અલતાફ બ્લોચ જાવંત્રી, ફારૂક આકાણી ડારી, હનીફભાઈ સુમરા ગોવિંદપુરા, હારૂન ચાંદભાઈ ચોરવાડા સેમરવાવ, ઈકબાલ કાદરી થોરડી, અનવર દલ હસનાવદર, રફીક સુમરા નાળીયા માંડવી, સદ્દામ ચમોડા, અ. સત્તાર મંધરા ગુંદાળા, ઉમરભાઈ ભાલિયા સાંગોદ્રા એ પોતાના વિશાળ ટેકેદારો, સભ્યો સાથે ખાસ હાજરી આપેલ તેમને માંગરોળના મર્હુમ ઈરફાન કાદરી દ્વારા લિખિત પુસ્તક "મુસ્લિમ સમાજ અને શિક્ષણ" ભેટ આપી શાલ ઓઢાડી પુષ્પગુચ્છ દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાનો તરીકે અનવર ભાઈ ચૌહાણ, મોહમ્મદભાઈ તવાણી, નુરદીનભાઈ પટેલ, યુસુફભાઈ પાકીઝા, યુસુફભાઈ શફી મરીન, જહાંગીર બ્લોચ, અસરફ ભાઈ તાલાળા વાલા, અબાજાન નકવી, ગુલામ ખાન, ઈમરાન રામશા, હારૂનભાઈ શેખ, અબ્દુલભાઈ સુમરા, હાફેઝ જાવેદ પટેલ, અનવરભાઈ બ્લોચ, મુશાભાઈ વાકોટ, અફઝલસર પંજા, ફારૂક ઈશા કાલવાણી, યાસીનભાઈ, સાહિલ સેખુ, હારૂન ભાઈ મોઠિયા, હારૂન ડાભલા, અનીશ ચિસ્તિ ઈસ્માઈલભાઈ ઘરડેરા, ઈબ્રુઆકાણી, મુન્નાભાઈ બ્લોચ, રૂખસાનાબેન કાજી, રીઝવાનાબેન ચૌહાણ, જસ્મીનબેન મુરીમાં, રેહાનાબેન ખાલીદ, યાસ્મીનબેન મન્સૂર, સુમૈયા પાલખીવાલા, સલીમભાઈ પંજા, સલીમભાઈ મુનશી, આસિફભાઈ મુન્શી, હાસમભાઈ મુસાગરા, આ.સતાર શેખુ, સાજીદભાઈ સુમરા અ. રહેમાન એન.ડી., અમીન પંજા, અમજદ પંજા, એન.જે. પટની તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત દરેક વકતાઓએ લઘુમતી સમુદાયના અંદરો અંદરના ઝગડા અને ભેદભાવ ભુલી એકતા સાથે શિક્ષણ, આરોગ્ય, સામાજિક આર્થિક અને અન્ય ક્ષેત્રે જાગૃતિ લાવી લઘુમતી સમુદાય માટે કામ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા અપીલ કરવામાં આવેલ. મુજાહિદ ભાઈ નફિસે ગુજરાત રાજ્યમાં લઘુમતી સમુદાય માટે એમસીસી દ્વારા કરવામાં આવતી કામગીરીની વિગતવાર સમજણ આપેલ. આ તકે નર્સરી માટેના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અ. ગફારભાઈ કુરેશી તેમજ શિક્ષણવિદ તખુભાઈ સાંઢસુળના ૬૧માં જન્મ દિવસ નિમિત્તે ગુજરાત રાજયના ૬૧ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતામાંથી ગીર સોમનાથ જીલ્લાના એક માત્ર પસંદગી પામેલા શિક્ષક સુલેમાન ચાંદનું પુસ્તક આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના આયોજકો તસ્લિમભાઈ કાઝી, બસીરભાઈ ગોહેલ તથા ઈમરાનભાઈ જમાદરે કાર્યક્રમનું આયોજન કરેલ હતું. આ પ્રસંગને સફળ બનાવવા માટે સલીમભાઈ સોડા, મહમદ હુસેનભાઈ મોગલ, અલ્તાફભાઈ મોગલ, આહમદભાઈ કબીરાણી, અનિશભાઈ ઝીકાણી, રાજુભાઈ ચૌહાણ, ફુઆદ મલીક વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

# પ્રભાસ પાટણમાં બેસ્ટ કેર મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૨

પ્રભાસ પાટણ દારૂલ ઉલુમ મદ્રેસા શાહીન કોલોની ખાતે ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડો. એમ.એમ. જફર હુસેન ( એમ ડી. મેડિસીન )અને બાળરોગ નિષ્ણાત ડો અજય ઝાલા (શિવમ હોસ્પિટલ )એ સેવા આપેલ હતી. આ કેમ્પમાં આવેલ દર્દીઓ માટે ઈ. સી. જી., આર. બી. એસ., કાર્ડિયો, તાવ, શરદી, ઉધરસ, કમરનો દુઃખાવો, પેટનો દુઃખાવો, ઘુટણનો દુઃખાવો, બી.પી.નાં દર્દીઓ, બાળકોએ લાભ લીધો હતો. જેમાં દવાઓ સહિત ૧૫૦થી વધુ દર્દીઓને દરેક સારવાર નિઃશુલ્ક કરવામાં આવી હતી. ફ્રી મેડિકલ કેમ્પમાં બેસ્ટ કેર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનાં ડો. એમ. એમ. જફર હુસેન અને શિવમ હોસ્પિટલનાં ડો.અજય ઝાલાનાં સ્ટાફ સહિત પ્રભાસ પાટણ વોર્ડ નં ૨ નાં કાઉન્સિલર સલીમભાઈ સોડાવાલા, ફારૂકભાઈ કાલવાણીયા, દારૂલ ઉલુમ મદ્રેસાનાં બ્લોચ તેમજ સમાજસેવી ઈકબાલભાઈ વાજા, શબ્બીરભાઈ આંબા, મહમદ યુસુફ ભુરાભાઈ, મયુદીન નવાબભાઈએ સેવા આપી હતી. આ કેમ્પનું સફળ સંચાલન યુસુફભાઈ એડવોકેટ, બસિરભાઈ ગોહેલએ કરેલ હતું.

# ખંભાળિયામાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ગાયોને લાડુ ખવડાવવાની પારંપરિક સેવા પ્રવૃત્તિ



જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા પંથકમાં છેલ્લી આશરે એકાદ સદીથી પરંપરિક રીતે મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ગાયોને તલ, તેલ, ગોળ સાથેના લાડવા બનાવીને ખવડાવવાની સેવા પ્રવૃત્તિ આ વર્ષે પણ આવી રીતે ચાલુ રહી છે. ખંભાળિયા શહેર તથા આસપાસના જુદા જુદા વિસ્તારોમાં ધણિયાતી તથા નધણિયાતી ગાયોને મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે લાડુ બનાવીને ખવડાવવામાં આવે છે. શહેરમાં છેલ્લા આશરે એકસો જેટલા વર્ષોથી આવીરત રીતે દાન પુણ્યના પર્વ નિમિત્તે ગાયોને લાડુ ખવડાવવામાં આવે છે. ઘઉંનો લોટ, તેલ, તલ અને ગોળ નાખી અને આ પૌષ્ટિક લાડુ બનાવવા માટે અહીંના સેવાભાવી કાર્યકરોને ઓઈલ મિલર્સો અને અહીંના વેપારીભાઈઓથી માંડી અને નાના રેંકડીવારાઓ સહિતના તમામનો તન, મન અને ધનથી સહયોગ મળે છે. આ સેવાકાર્ય માટે ૫૦૦ કિલો ઘઉંનો લોટ, ૧૦ ડબ્બા તેલ, આશરે ૨૫ ડબ્બા જેટલા ગોળનો ઉપયોગ કરવામાં આવે છે. સંક્રાંતિ પૂર્વે છેલ્લા એક સપ્તાહથી આ સેવાયજ્ઞ ચાલુ થઈ જાય છે. આ સેવાયજ્ઞમાં હાલ અહીંના જલારામ મંદિર ખાતે ગાયો માટે લાડવા બનાવવામાં આવે છે. આ સેવાકાર્ય માટે વયોવૃદ્ધ પીઠ સેવાભાવી એવા રમણીકભાઈ મોટાણી, હરૂભાઈ દરિયાવાળા, મેહુલભાઈ તન્ના, સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. જેમાં સહયોગ આપનાર આ તમામ સદગૃહસ્થોનો રમણીકભાઈ મોટાણીએ જાહેર આભાર વ્યક્ત કર્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# એક દાયકામાં ૬૧૫૦૦૦ કરોડનું કાળું નાણું દેશ બહાર ઘસડાઇ ગયું

નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે પદ ગ્રહણ કરતાની સાથે જ સૌથી પહેલા નિર્ણય લેતા કાળા નાણાંને પરત લાવવા માટે સીટની રચના કરી નાખી. તેમના આ નિર્ણયથી કાળું નાણું દેશમાં પરત આવશે કે કેમ એ તો ભગવાન જાણે પણ તેની અસર થશે ખરી એટલું રાજકીય નિષ્ણાંતો કહી રહ્યાં છે. વિદેશમાં ભારતીયોનું અઢળક કાળું નાણું પડેલું છે. અમેરિકાની એક અભ્યાસ સંસ્થાએ જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૦થી ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ભારતમાંથી ૧૨૩ અબજ ડોલર(રૂા.૬૧૫૦૦૦ કરોડથી વધુ)ની કાળી કમાણી દેશની બહાર લઈ જવામાં આવી છે. કાળુ નાણું દેશની બહાર લઈ જવાના મામલામાં ભારત આઠમો સૌથી મોટો પીડિત દેશ બની ગયો છે. કાળા નાણાંને વિદેશોમાં લઈ જવાના મામલાઓમાં ચીનનું નુકશાન ભારત કરતાં અનેકગણું વધારે છે. પાછલા ૧૦ વર્ષમાં ચીનમાંથી લગભગ ૨૭૪૦ અબજ ડોલરનું કાળું નાણું દેશની બહાર ગયું છે, જ્યારે મેક્સિકોને આ કારણે ૪૭૬ અબજ ડોલરનું નુકશાન થયું છે. મલેશિયાને નાણું બહાર જવાથી ૨૮૫ અબજ ડોલરની ખોટ પડી છે, જ્યારે સાઉદી અરબને ૨૦૧ અબજ ડોલર, રશિયાને ૧૫૨ અબજ ડોલર, ફિલિપાઈન્સને ૧૩૮ અબજ ડોલર અને નાઈજિરિયાને ૧૨૯ અબજ ડોલરનું નુકશાન થયું છે. ગ્લોબલ ફાયનાન્સ ઈંટિગ્રિટી(જીએફ આઈ) દ્વારા પ્રકાશિત રિપોર્ટ વિકાસશીલ દેશોમાંથી ગેરકાયદેસર નાણાંનો પ્રવાહ ૨૦૧૦-૨૦૨૧ના જણાવ્યા અનુસાર ભારત આ સમસ્યાથી પીડિત દેશોની યાદીમાં આઠમાં સ્થાને છે. આ યાદીમાં સામેલ ટોચના ૨૦ દેશોમાં ભારત એકમાત્ર દક્ષિણ એશિયાઈ દેશ. ભારતીય અર્થવ્યવસ્થા માટે થયેલું ૧૨૩ અબજ ડોલરનું નુકશાન ખુબ મોટું નુકશાન છે અને આ બાબત ભારતીય નાગરિકો માટે ગંભીરતાનો વિષય છે. આ રકમનું રોકાણ શિક્ષણ, સ્વાસ્થ્ય અને દેશના પાયારૂપ માળખામાં થઈ શકે તેમ હતું. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૧૯૪૮થી ૨૦૦૮ સુધીના ૬૦ વર્ષના ગાળામાં ભારતીય અર્થતંત્રને ૪૬૨ અબજ ડોલરનું કાળું નાણું દેશ બહાર ચાલ્યું જતાં મહાકાય નુકશાન થયું છે. ભારતમાં કાળા નાણાંનું અર્થતંત્ર તેના જીડીપીના ૫૦ ટકા જેટલું છે. વિદેશી બેંકો અને ખાસ કરીને કાળા નાણાં માટે સ્વર્ગ માનવામાં આવતા દેશોમાં જમા થયેલું કાળુ નાણું એકમાત્ર ભારત જ નહીં પણ અન્ય વિકાસશીલ તેમજ ગરીબ દેશો માટે માથાનો દુઃખાવો બન્યું છે. આ સમસ્યાનું સમાધાન હજુ સુધી કોઈ દેશ લાવી શક્યો નથી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ નોંધપાત્ર સફળતા પણ મળી નથી. ભારતમાં આ સમસ્યા પ્રત્યે વ્યાપક જાગૃતિ પ્રસરાવવા બાબા રામદેવે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આનું શ્રેય તેમને અવશ્ય મળવું જોઈએ પણ બીજીતરફ એ કહેવું જરૂરી છે કે, આ વિષય અંગેની બાબાની સમજ તથા રજૂઆત વિસંગતતાઓ અને પક્ષપાતથી ભરેલી છે. બાબાનું નિશાન અમુક ખાસ રાજકીય હસ્તીઓ ઉપર તકાયેલું રહ્યું છે જેના લીધે તેઓ આ મુદ્દે સંતુલિત રજૂઆત કરી શકતા નથી. ટેક્સ હેવન એટલે કરચોરી તથા અન્ય પ્રકારના ટૂંકા રસ્તાઓ દ્વારા રળવામાં આવેલા ધનને ઠેકાણે પાડવાનો અડ્ડો. વિશ્વમાં અલગ અલગ જગ્યાએ ટેક્સ હેવન છે જ્યાં દુનિયાભરનું કાળુ નાણું સંઘરાયેલું પડ્યું છે. ટેક્સ હેવનમાં આ પ્રકારના નાણાંને આકર્ષવા માટે કરમુક્તિ આપવામાં આવ છે અથવા તો મામૂલી કહેવાય એવો કર વસૂલવામાં આવે છે. મોટાપાયે ભ્રષ્ટાચાર કરનાર તથા અન્ય આર્થિક અપરાધો આચરનાર વ્યક્તિ અથવા કંપનીઓ આ બેંકોને તગડી ફી ચૂકવીને પોતાનું ધન સલામત કરે છે. આ પ્રકારની બેંકો ગુપ્તતા અને અપારદર્શિતા માટે કુખ્યાત છે. જોકે આ દિશામાં આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાયેલા પગલાંઓના કારણે હવે પરિસ્થિતિ થોડી સુધરી છે. સામાન્ય રીતે જ્યારે ટેક્સ હેવનની વાત થાય ત્યારે સ્વિસ બેંકોનો ઉલ્લેખ તો થાય જ, પણ હકકીત તો એ છે કે, આ પ્રકારની બેંકોનો પ્રસાર ખૂબ મોટો છે. ટેક્સ જસ્ટિસ નેટવર્ક દ્વારા દુનિયાભરમાં કુલ ૮૧ ટેક્સ હેવનની યાદી તૈયાર કરવામાં આવી છે. અલગ અલગ પ્રકારના ભ્રષ્ટાચાર અને કરચોર ધનિકો પોતાના ગેરકાયદે નાણાં જમા કરીને આ પ્રકારના ટેક્સ હેવનનો દુરૂપયોગ કરે છે. કેટલીક બહુરાષ્ટ્રીય કંપનીઓ વિવિધ દેશોમાં પોતાનો નફો ઓછો દેખાડવા અને કરવેરાથી બચવા માટે પણ ટેક્સ હેવન્સનો ઉપયોગ કરે છે. ટેક્સ હેવનનો અપારદર્શીય અને ગુપ્ત માહોલ આવી કંપનીઓને ખૂબ માફક આવે છે. વિકાસશીલ અને ગરીબ દેશોની બજેટ ખાધ વાર્તાની રાજકુમારીની જેમ વધે છે. એનું એક કારણ આ છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ અબજો ડોલરનો ટેક્સ ગુપચાવીને મોજમસ્તી કરી રહી છે. ટેક્સ હેવન દેશોના આશ્રયને કારણે આર્થિક અપરાધીઓની સ્થિતિ મજબૂત બને છે. અમેરિકાની એક અદાલતે સ્વિટઝર્લન્ડની એક મોટી બેંકને હજારો અમેરિકન નાગરિકોના ખાતા વિષે જાણકારી આપવા કહ્યું. તેની સાથોસાથ કેટલાક ધનિક દેશોના પ્રોફેશનલોએ પણ ટેક્સ હેવન દેશોની વિરૂધ્ધ અભિયાન ચલાવવાનો પ્રસ્તાવ મૂક્યો. કેમકે તેમને એવું લાગતું હતું કે, ટેક્સ હેવન દેશોનો ઉપયોગ કરી રહેલી કંપનીઓ આગળ નીકળી જશે. ધનિક દેશોમાં આ પ્રકારના દેશોની વિરૂધ્ધમાં અભિયાન ચલાવવા માટેનો તખ્તો તૈયાર થયો છે, જેનો આપણે લાભ લઈ શકીએ છીએ. પરંતુ ગરીબ અને વિકાસશીલ દેશોની વચ્ચે આ મુદ્દે એકતા સધાવી ખૂબ જરૂરી છે, કારણ ટેક્સ હેવન દેશોમાં ખૂલેલા ખાતાઓમાં જમા થયેલા કાળા નાણાંને કારણે સૌથી વધુ નુકશાન તો તેમને જ થઈ રહ્યું છે. આ મુદ્દો કોઇ એક દેશનો નથી. દુનિયાના તમામ દેશને આ પ્રશ્ન વત્તેઓછે અંશે લાગું પડે જ છે. અનેક દેશોની સરકાર પરસ્પર એકતા સાધીને, બિનસરકારી સંગઠનો જેવી સંસ્થાઓને સાથે રાખીને વર્ષો સુધી અભિયાન ચલાવે તો જ સફળતા મળશે. આ અભિયાન એક ઉદ્દેશથી થવું જોઈએ. રાજકીય લાભ ખાટવા માટે નહીં. કાળું નાણું દેશમાં લાવીને તેનો ઉપયોગ જરૂરી કાર્યો, ખાસ કરીને ગરીબી દૂર કરવા માટે થવો જોઈએ. આ પ્રકારના ટેક્સ હેવન્સ દેશોની વ્યવસ્થાને હંમેશ માટે સમાપ્ત કરવી જોઈએ. જો એમ નહીં થાય તો મહાપરાણે આવેલું કાળુ નાણું ફરી બિલ્લી પગે આ જ દેશોમાં પહોંચી જશે અને ફરી એ જ પરિસ્થિતિ આવીને ઉભી રહેશે. સરકારે આ પ્રશ્ને વોલેન્ટરી સ્કીમો જાહેર કરવી જોઈએ.

# ૨૦૧૭ની ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં મતદારોનો ઝોક ભાજપ તરફી રહ્યો હતો

નવી દિલ્હી તા.૧૨

યુપીમાં સાત તબક્કામાં વિધાનસભાની ચૂંટણીનું એલાન થઈ ચુકયું છે અને ૧૦મી માર્ચે પરિણામ જાહેર થશે. ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૩૦૦થી વધારે બેઠકો ઉપર પૂર્ણ બહુમતી સાથે સત્તા મળી હતી. તો કોઈપણ અન્ય પાર્ટીએ ૫૦ બેઠકોની જીતનો આંકડો પણ પાર કર્યો ન હતો. આવો નજર કરીને કે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કેવો રહ્યો હતો વોટિંગનો ટ્રેન્ડ ?

**પશ્ચિમ યુપીમાં ખિલ્યું કમળ :** ૨૦૧૭માં ચૂંટણીની શરૂઆત વેસ્ટ યુપીથી થઈ હતી. પહેલા ફેસમાં પશ્ચિમ યુપીનાં ૧૫ જીલ્લાની ૭૩ બેઠકો ઉપર વોટિંગ થયું હતું અને તેમાં ૬૪ ટકા મતદાન થયું હતું. ૨૦૧૩નાં મુઝફ્ફરનગરનાં હુલ્લડોને કારણે જુના રાજકીય સમીકરણો ધ્વસ્ત થયા હતા અને નવા સમીકરણોમાં ભાજપને સૌથી મોટો ફાયદો થયો હતો. જાટલેન્ડમાં પહેલીવાર કમળને એટલી શાનદાર જીત મળી કે ભાજપ અહીં ૫૧ બેઠકો ઉપર



જીત મેળવવામાં કામિયાબ રહ્યું હતું. જયારે સમાજવાદી પાર્ટીને ૧૬, કોંગ્રેસને ૨ અને બીએસપીને માત્ર એક બેઠક મળી હતી. એક અંદાજ પ્રમાણે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને ઓછામાં ઓછા ૪૦ ટકા જાટ વોટ અને ૧૭ ટકા બિનજાટવ અનુસૂચિત જાતી સમુદાય-ખટીક, પાસી-વાલ્મીકનાં વોટ મળ્યા હતા. જયારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને માંડમાંડ આ સમુદાયોમાંથી ૭ ટકા વોટ મળ્યા હતા.

**અવધની સ્થિતિ :** અવધ ક્ષેત્રમાં રાજકીય રીતે મહત્વનાં જીલ્લા લખનૌ, અયોધ્યા, કન્નૌજ, ઈટાવા, મૈનપુરી, ઓરૈયા, કાનપુર, રાયબરેલી, અમેઠી, ઉન્નાવ, કૌશામ્બી, હરદોઈ અને બારાબંકીનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાંથી ત્રણ નેતા ઈન્દિરા ગાંધી, વી.પી. સિંહ અને અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન બની ચુકયા છે. ૨૦૧૭માં આ ક્ષેત્રમાં ત્રીજા અને ચોથા તબક્કામાં વોટિંગ થયું હતું. યુપીનાં અન્ય હિસ્સાઓની જેમ અહીં પણ ભાજપનું પ્રદર્શન સારૂ રહ્યું હતું. ભાજપને અહીંની કુલ ૧૩૭ બેઠકોમાંથી ૧૧૬ બેઠકો ઉપર જીત મળી હતી. સમાજવાદી પાર્ટીને માત્ર ૧૧ બેઠકો મળી અને બીએસપી ખાતું પણ ખોલાવી શકી ન હતી. ૨૦૧૨માં સપાએ અવધની ૯૫ બેઠકો ઉપર કબજો કર્યો હતો અને ભાજપને માત્ર ૧૨ બેઠકો મળી હતી. ઈટાવા, મૈનપુરી, એટા, કન્નૌજ જેવા વિસ્તારો પણ અવધમાં આવે છે અને તેને સપાના ગઢ માનવામાં આવે છે. તેમ છતાં પાર્ટીને અવધમાં કારમી હાર ખાવી પડી હતી.

# દેશમાં ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, તામિલનાડુ અને કર્ણાટકમાં રોજગારની સ્થિતિમાં સુધારો થયો

નવીદિલ્હી તા.૧૨

એપ્રિલ અને મે મહિનામાં આખો દેશ કોરોનાની બીજી લહેર સામે ઝઝૂમી રહ્યો હતો. આ લહેરને કારણે ફરી એકવાર વાહનવ્યવહાર ઉપર અંકુશ આવી ગયો હતો અને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે વિવિધ નિયમો અને નિયંત્રણો હતા. ૯ ક્ષેત્રોમાંથી રોજગારીના આંકડા આપવામાં આવ્યા છે તેમાં ઉત્પાદન, બાંધકામ, વેપાર, પરિવહન, શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ અને રેસ્ટોરન્ટ, IT-BPO અને નાણાંકીય સેવાઓ, બિન-ખેતી ક્ષેત્રોમાં એકાઉન્ટિંગનો સમાવેશ થાય છે. આપને જણાવી દઈએ કે આ રિપોર્ટ હાલમાં જ શ્રમ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. પ્રથમ રિપોર્ટ એપ્રિલ-જૂન ક્વાર્ટર માટે જાહેર કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ ૧૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી તમામ સંસ્થાઓને આવરી લે છે. ઓકટોબર-ડિસેમ્બર ક્વાર્ટર માટે અલગ-અલગ રોજગાર ડેટા પણ છે. એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશનએ ઓકટોબર ૨૦૨૧માં ૧૨.૭૩ લાખ સબસ્ક્રાઈબર્સ ઉમેર્યા હતા. આ ઓકટોબર ૨૦૨૦ કરતા ૧૦.૨૨ ટકા વધુ છે. શ્રમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઓકટોબર ૨૦૨૧માં કુલ ૧૨.૭૩ લાખ શેરધારકો EPFO સાથે જોડાયા હતા. એક વર્ષ પહેલા ઓક્ટોબર ૨૦૨૦માં ૧૧.૫૫ લાખ સભ્યો EPFOમાં જોડાયા હતા. ઓકટોબરમાં ઉમેરાયેલા નવા શેરધારકોમાંથી ૭.૫૭ લાખ નવા સભ્યો પ્રથમ વખત કર્મચારી ભવિષ્ય નિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨ હેઠળ નોંધાયા છે. તે મહિનામાં લગભગ ૫.૧૬ લાખ સભ્યો વિભાજન પછી તેમના ખાતાને સ્થાનાંતરિત કરીને ફરીથી EPFO સાથે જોડાયા હતા. શ્રમ મંત્રાલયના જણાવ્યા અનુસાર પેરોલ ડેટાના વિશ્લેષણ દર્શાવે છે કે, નવા નોંધાયેલા સભ્યોમાં ૨૨-૨૫ વર્ષની વયના કર્મચારીઓ સૌથી વધુ છે. ઓકટોબર ૨૦૨૧માં આ વય જૂથના કુલ ૩.૩૭ લાખ સબસ્ક્રાઈબર્સ EPFOમાં જોડાયા હતા. આ ઉપરાંત ૧૮-૨૧ વર્ષની વયના ૨.૫૦ લાખ નવા સભ્યો ઉમેરાયા છે. રાજ્ય સ્તરે, મહારાષ્ટ્ર, હરિયાણા, ગુજરાત, તમિલનાડુ અને કર્ણાટકમાં કુલ ૭.૭૨ લાખ નવા સબસરાઈબર્સ ઉમેરાયા છે. આ કુલ નવા સભ્યોના ૬૦.૬૪ ટકા છે. લિંગના આધારે ઓકટોબર ૨૦૨૧માં નવા



નોંધાયેલા સબસ્કાઈબર્સની સંખ્યા ૨.૬૯ લાખ હતી જેમાં ૨૧.૧૪ ટકા મહિલાઓ હતી. રોજગાર ઉપર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૯ મોટા ક્ષેત્રોમાં કુલ ૩.૧૦ કરોડ નોકરીઓનું સર્જન થયું છે. જે એપ્રિલ-જૂન ક્વાર્ટર કરતાં ૨ લાખ વધુ છે. આ માહિતી શ્રમ મંત્રાલયે શેર કરી છે. રોજગારમાં આ વધારો દર્શાવે છે કે, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આર્થિક પ્રવૃત્તિમાં સુધારો થયો છે.

# ભારતમાં ગરીબ ગણાતા લોકોને કોરોનાની અસર થઈ નથી, તબીબ-વિજ્ઞાનીઓ પણ આ પેટર્ન સમજી શક્યા નથી !



સવાલ એ છે કે, માસ્ક ક્યારેક નવીંટતા, રસ્તા ઉપર પડ્યા રહેતા ફેરિયાઓને, ફુગ્ગા વાળાઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હોય કે એમના મોત કોરોનાને લીધે થયાં હોય એવા દાખલા બન્યા નથી. સતત કસરત કરતા સૌરવ ગાંગૂલીને કોરોના થયો. એથ્લેટિક્સ રમતા લોકોને થયો. પરંતુ ગરીબ ગણાતા લોકોને કોરોનાની અસર થઈ નથી. આમ આનું કોઈ સ્પષ્ટ સંશોધન નથી. પરંતુ જુઓ તો ખ્યાલ આવે કે, ભારતમાં વસ્તીના પ્રમાણમાં સંક્રમણ અને મોત કેટલાં અને વિદેશમાં કેટલા, અહીં એક એવો તર્ક પણ છે કે, આપણે ત્યાં અને ખાસ તો આપણા દેશમાં અમુક વિસ્તારમાં કે વ્યવસ્થામાં રહેનારા લોકોની જીવનશૈલી એવી હોય છે કે, એમનું શરીર અમુક સંઘર્ષથી ટેવાઈ જ જાય. પાણી, ખોરાક બધુ એવી રીતે લીધુ હોય કે એમની કુદરતી રોગ પ્રતિકારક શક્તિ વધારે હોય. કોરોનાએ દુનિયાના તમામ દેશને, તમામ દેશના નાગરિકોને એક જ સ્તરે અને કક્ષાએ મૂકી દીધા. સંપતિ કે પૈસાનું મહત્વ એક લેવલથી વધારે નથી એ સમજાવી દીધુ તો એક લેવલે તમારી પાસે પૈસા હોવા પણ જોઈએ જ એનું ય ભાન કરાવી દીધુ. કોઈ દેશ કે સરકાર સેક્યુલર બને કે ન બને, કોરોના સેક્યુલર બનીને દુનિયામાં છવાઈ ગયો છે. પહેલી બે લહેર વખતે કોરોનાની ખૂબ ચર્ચા થઈ. આ વખતે એક મુદ્દો એ છે કે, જેમનું સ્વાસ્થ્ય સારૂ હોય, જે લોકો હેલ્થ કોન્સિયસ એટલે કે સ્વાસ્થ્યને મહત્વ આપતા હોય જે લોકોની રોગ પ્રતિકારક શકિત સારી હોવાનું માની શકાય એવા લોકો સંક્રમિત થઈ રહ્યા છે અને જેને તમે સડકછાપ કહો છો એવા લોકોને કોરોના થયો હોવાનું ધ્યાનમાં નથી. આમ તો પહેલી અને બીજી લહેરમાં પણ સ્થિતિ આવી હશે પરંતુ આ વખતે એ સ્થિતિ સપાટી ઉપર દેખાઈ રહી છે. છેલ્લા ત્રણેક દિવસની ઘટના જોઈએ તો દેશના વિવિધ ક્ષેત્રના નામાંકિત લોકો કોરોનાના સકંજામાં છે. દેશના રક્ષામંત્રી રાજનાથસિંહ, બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમારને કોરોના થયો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ સંક્રમિત છે અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ કોરોનાગ્રસ્ત છે. સૌરાષ્ટ્રના ભાજપ નેતા ભરત બોઘરા, કુંવરજી બાવળિયા, ધનસુખ ભંડેરી પણ કોરોનાગ્રસ્ત અને નિતીન ભારદ્વાજ, જિલ્લા ભાજપના અગ્રણી મનીષ ચાંગેલા પણ સંક્રમિત. કોઈ સ્તરે કોઈ બાકી નથી. બોલીવુડના કલાકાર, ગુજરાતી ફિલ્મના કલાકારો પણ આવી ગયા છે. આવાં નામો સાંભળીએ ત્યારે એક સવાલ થાય કે બીમાર થવાના કારણોમાં આખરે શું પોષક આહારનો અભાવ, સતત કામ કર્યે રાખવું, જીવનશૈલીને સંબંધિત બીમારીઓ, દોડધામ. આખરે માણસને શું ખાલી કરી નાંખે અને બીમાર પાડે એવા કયા કારણ, હવે જે લોકો હમણાં સંક્રમિત થયા છે એમાંના કોઈને ઉપરનું કારણ તો લગભગ લાગું પડતું ન હોય. એ લોકો દોડધામ કરતા હોય તો પણ શોખ કે ફાયદાથી કરતા હોય. દોડધામ ન કરે તો એમના ઘરે રોટલા ન બને એવું ન હોય. બોલીવુડ કલાકારો કે અન્ય સેલિબ્રિટીઝ સેનીટાઈઝરથી હાથ ધોતા હોય, એ લોકો ખાવામાં ઘણું ધ્યાન રાખતા હોય ઘણા બધા મોટા માણસો યોગ, પ્રાણાયામ, કોઈ વ્યવસાય કરતા હોય. આ લોકોને તો બીમારી કે સંક્રમણનો સૌથી ઓછો ડર હોય. પરંતુ એ લોકો સંક્રમિત થઈ રહ્યા છે. રાજ્યના પાંચ આઈએએસ અધિકારી ગયા અઠવાડિયે કોરોનાથી સંક્રમિત થયા. નેતાઓ ભલે રેલી-સભામાં ફરતા હોય ભીડમાં રહેતા હોય પરંતુ તકેદારી તો રાખતા હોય. ઉલટું એ લોકોએ વધારે હરવા ફરવાનું હોય તો વધારે સતર્ક હોય. માસ્ક એમણે ઉતાર્યા ન હોય. સારી ગુણવત્તાના માસ્ક હોય. એ લોકો માસ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરતા ન હોય. છતાં આવું થઈ રહ્યું છે. સંસદ અને સુપ્રિમ કોર્ટનો સ્ટાફ, હાઈ કોર્ટનો સ્ટાફ સંક્રમિત થયો છે. સીધો અર્થ એ છે કે, કોરોના કોઈ એવી બીમારી નથી જેને સ્થળકાળના નિયમ લાગું પડે. એ પ્રગતિશીલ કહેવાતા પશ્ચિમના દેશોમાં પણ ફેલાઈ ગયો. અમેરિકા જેવા વિકસિત દેશને પણ એણે ઘેરો ઘાલ્યો. હજારો મૃત્યું ત્યાં પણ થયાં અને જ્યાં સ્વાસ્થ્ય સેવા નબળી ગણાય છે એવા ભારતમાં પણ કોરોનાએ સોથ બોલાવી દીધી. જોકે, આપણે ત્યાં ગામડાંમાં લાઈફ સ્ટાઈલ ડિસિઝનું પ્રમાણ આજે પણ ઓછું છે. કારણ કે એક તો ત્યાં શહેર જેવો સ્ટ્રેસ નથી. પ્રમાણમાં પ્રદૂષણ ઓછું છે. ખોરાક પણ પ્રમાણમાં સાચો છે એટલે કે ઘી-દૂધ ભેળસેળયુક્ત નથી. આ બધા કારણ ઉપરાંત ખેતી પશુપાલન જેવા વ્યવસાયમાં શરીરશ્રમ છે એટલે માણસ કંઈ પણ ખાય તો ય કેલેરી બળી જાય છે. શહેરના બેઠાડું જીવનમાં આ બાબત ઓછી હોય છે. ગરીબ કે શ્રમિક વર્ગ પણ શરીરશ્રમ વધારે કરે છે પરિણામે એમનું સ્વાસ્થ્ય સારૂ રહે છે. આ એક કારણ કદાચ હોય શકે કે શા માટે પ્રમાણમાં ઓછા સંપત્તિવાન કે શ્રમિક વર્ગના લોકો ઓછાં સંક્રમિત થાય છે. વરૂણ ગાંધી કે નીતિશ કુમાર તો સામાન્ય દિવસોમાં પણ સ્વાસ્થ્ય માટે સતર્ક હોય. રક્ષામંત્રીના સ્વાસ્થ્યની તો સમયાંતરે ચકાસણી પણ થતી હોય એવું બને. કલાકારો બે-ત્રણ કલાક જીમમાં કાઢે અને છતાં સંક્રમિત થાય છે. કોરોનાની આ પેટર્ન વિજ્ઞાનીઓ પણ સમજી શક્યાં નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આવી પડેલી જવાબદારી સારી રીતે નિભાવી જાય
તે સજ્જનોનું કુળવ્રત છે.

- વિશાખાદત્ત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.અમરદાદ-૧૩૯૧, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, પોષ સુદ-૧૦ સ્વામી વિવેકાનંદ જયંતિ તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૨, બુધવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૮, ભરણી નક્ષત્ર, સાધ્ય યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), રાત્રે ૮:૪૭ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મિલન-મુલાકાતમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
વૃષભ : ધાર્યા કાર્યમાં વિઘ્ન ઉદ્ભવે. મુસાફરી ટાળવી હિતાવહ.
મિથુન : રોકાયેલા નાણાં છૂટા થાય. કૌટુંબિક મતભેદ દૂર થાય.
કર્ક : તબિયત નરમ-ગરમ રહે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
સિંહ : અગત્યની મુલાકાતથી લાભ થાય. મનમાં પ્રફુલિતાતા રહે.
કન્યા : અણધાર્યો લાભ થાય. કાર્યબોજ હળવો બને.
તુલા : ગુંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ આવે. મહેનત પછી કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક : સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય. ગૃહવિવાદ.
ધન : અંગત મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ વિતે.
મકર : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ભાગ્ય ફળે.
કુંભ : નાણાંભીડ દૂર થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
મીન : આકસ્મીક લાભ મળે. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

# રાષ્ટ્રીય યુવા દિવસ : યુવાનોનાં વ્યક્તિત્વનું

ભારતના મહાન નેતાઓમાંના એક અને યુવા શક્તિના આસ્થાવાન સ્વામી વિવેકાનંદની જન્મજયંતિના સન્માન માટે ભારતમાં દર વર્ષે ૧૨ જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવે છે. તેઓ શ્રી રામકૃષ્ણ પરમહંસના પ્રખર શિષ્ય હતા અને ભારતમાં હિંદુ ધર્મના પુનરૂત્થાનમાં મુખ્ય બળ હતા. દેશના મહાન સામાજિક નેતાઓમાંના એક તરીકે ઉજવાતા, સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કોલકાતામાં થયો હતો. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ એ તેમની ૧૫૯મી જન્મજયંતિ છે જેમના વિચારો અને ઉપદેશોએ આપણા દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારત સરકાર દ્વારા ૧૯૮૪માં મહાન સ્વામી વિવેકાનંદના જન્મદિવસ એટલે કે ૧૨ જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારત સરકારે ટાંક્યું હતું કે, ‘સ્વામીજીની ફિલસૂફી અને જે આદર્શો માટે તેઓ જીવ્યા અને કામ કર્યું તે ભારતીય યુવા દિવસ માટે પ્રેરણાનો એક મહાન સ્રોત બની શકે છે. આથી, દેશના યુવાનોને વધુ સારી વ્યક્તિ બનવા અને સન્માનિત જીવન પ્રાપ્ત કરવા માટે તેમજ દેશના વિકાસમાં યોગદાન આપવા માટે યુવા દિવસની ઉજવણી પણ કરવામાં આવે છે. સ્વામી વિવેકાનંદે તેમના ઉપદેશોથી વિશ્વભરના લાખો યુવાનોને પ્રેરણા આપી. વર્ષ ૧૮૯૩માં શિકાગોમાં એક સંમેલનમાં તેમની પ્રાધાન્યતા અનુભવાઈ હતી જ્યાં તેઓ એક સહભાગી અને વક્તા હતા. ભારતની આધ્યાત્મિકતા-સંચાલિત સંસ્કૃતિ અને મજબૂત ઈતિહાસ ઉપરના તેમના પ્રસિદ્ધ ભાષણે અમેરિકનો, ખાસ કરીને બૌદ્ધિક વર્તુળમાંથી વખાણ કર્યા. તેમના મજબૂત વ્યક્તિત્વ, વિજ્ઞાન અને વેદાંતમાં વિશાળ જ્ઞાન અને માનવ અને પ્રાણી જીવન પ્રત્યેની સહાનુભૂતિએ તેમને શાંતિ અને માનવતાના મશાલવાહક બનાવ્યા. સમગ્ર પશ્ચિમબંગાળની ઘણી શાળાઓ અને કોલેજોમાં રાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે. સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો અને સાંસ્કૃતિક કાર્યક્રમો સિવાય, વિવેકાનંદનો જન્મદિવસ રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનમાં પણ ઉજવવામાં આવે છે. આ પ્રસંગને ચિહ્નિત કરવા માટે રામકૃષ્ણ મઠમાં મંગલઆરતી, ભક્તિગીતો, ધ્યાન, વિવેકાનંદના ઉપદેશોનું પઠન અને સંધ્યાઆરતી કરવામાં આવે છે. ભારત સિવાય, વિવેકાનંદનો જન્મદિવસ કેનેડાના ટોરોન્ટોની વેદાંત સોસાયટીમાં પણ ઉજવવામાં આવે છે. જે સમાજ વિવેકાનંદના વેદાંત પ્રેરિત શિક્ષણને વિશ્વમાં ફેલાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ કહેતા કે, આપણા વિચારોએ આપણને જે બનાવ્યું છે તે આપણે છીએ, તેથી તમે શું વિચારો છો તેની કાળજી લો. શબ્દો ગૌણ છે, વિચારો જીવે છે, તેઓ દૂર મુસાફરી કરે છે.

**લેખન : ડો. ઉદય જે. લાખાણી, પ્રોફેસર, રાજકોટ, મો.૯૪૦૯૦૫૯૮૨૩**

### ઉત્પાદકો માટે વધતા જતા ઈનપુટ ખર્ચને લીધે

# ભાવમાં ભડકો : ઘરેલુ ઉપકરણોની કિંમતો ૫થી ૧૦ ટકા વધશે

## એસી-ફ્રિજના ભાવો તો વધી પણ ગયા : કાચામાલ અને ઉત્પાદકતા ખર્ચમાં વધારો થતા વોશિંગ મશીન સહિત અનેક ઉપકરણોનો ભાવ વધવાની ગણાતી ઘડીઓ

મુંબઈ તા.૧૨

નવા વર્ષમાં એર કંડિશનર અને રેફ્રિજરેટર્સના ભાવમાં વધારો થયો છે. કારણ કે, ગ્રાહક માટેના સ્થાયી ઉત્પાદકો કાચા માલના વધતા જતાં ખર્ચ અને ઉચ્ચ નૂર શુલ્કની અસર અનુભવી રહ્યા છે અને આ બોજ ગ્રાહકો ઉપર પડે છે, જ્યારે વોશિંગ મશીન જેવા ઘરેલું ઉપકરણોના ભાવમાં આગામી દિવસોમાં ૫-૧૦ ટકાનો વધારો થઈ શકે છે. પેનાસોનિક, એલજી, હાયર, સહિતની અનેક કંપનીઓએ પહેલેથી જ પોતાના ભાવની સમીક્ષા કરી છે, જ્યારે અન્ય ઉત્પાદકો જેમ કે સોની, હીટાચી, ગોદરેજ જેવી કંપનીઓ આ કવાર્ટરના અંત સુધીમાં પોતાની કિંમતો અંગે નિર્ણય લઈ શકે છે. કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ એપ્લાયન્સિસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (સીઈએએમએ) અનુસાર, આ ઉદ્યોગ જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ૫-૭ ટકાની રેન્જમાં કિંમતોમાં વધારો કરશે એ શક્યતા છે. હાયર એપ્લાયન્સીસ ઈન્ડિયાનાપ્રેસિડેન્ટે જણાવ્યું હતું કે, "કોમોડિટી, વૈશ્વિક નૂર અને કાચા માલની કિંમતમાં અભૂતપૂર્વ વધારા સાથે, અમે રેફ્રિજરેટર, વોશિંગ મશીન અને એર કંડિશનર કેટેગરીમાં અમારા ઉત્પાદનોના ભાવમાં ૩થી ૫ ટકાનો વધારો કરવાનાં પગલાં લીધાં છે. પેનાસોનિક કંપની, જેણે પહેલાંથી જ એસીની કિંમતમાં ૮ ટકા સુધીનો વધારો કર્યો છે, તે વધુ વધારાની વિચારણા કરી રહી છે. તે હોમ એપ્લાયન્સિસ માટેના અન્ય ઉત્પાદનો માટે પણ સમાન પગલાં ઉપર વિચાર કરી રહી છે. પેનાસોનિકે જણાવ્યું હતું કે, એર કંડિશનર્સમાં પહેલેથી જ લગભગ ૮ ટકાનો ભાવવધારો થયો છે અને તે કોમોડિટીઝ અને સપ્લાય ચેઈનના વધતા ખર્ચને આધારે વધુ વધી શકે છે. અમે નજીકના ભવિષ્યમાં હોમ એપ્લાયન્સિસના ભાવ વધારાની શકયતા જોઈ રહ્યા છીએ.

દક્ષિણ કોરિયાની કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ કંપની એલજી જેણે હોમ એપ્લાયન્સ કેટેગરીમાંજ પણ ભાવ વધાર્યા છે, તેણે જણાવ્યું હતું કે ઈનપુટ કાચા માલના ખર્ચ અને લોજિસ્ટિકસ ખર્ચમાં સતત વધારો એ ઉદ્યોગ માટે ચિંતાનો વિષય છે. એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ, હોમ એપ્લાયન્સીસ અને એર કંડિશનર બિઝનેસના દીપક બંસલે જણાવ્યું હતું કે, અમે કોસ્ટ ઈનોવેશન્સ દ્વારા તેને સંભાળવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે પરંતુ બિઝનેસ માટે કિંમતોમાં વધારો કરવાની જરૂર છે. આ ભાવ વધારાને અનિવાર્ય ગણાવતા, જ્હોન્સન કંટ્રોલ્સ-હિટાચી એર કંડિશનિંગ ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગુરમીત સિંઘે જણાવ્યું હતું કે કાચો માલ, પરિવહન, કર અને ઈનપુટ ખર્ચમાં વધારાને કારણે અમારી બ્રાન્ડ્સ એપ્રિલ સુધીમાં તબક્કાવાર ભાવમાં ૧૦ ટકા સુધીનો વધારો કરશે. તેમણે ઉમેર્યું હતું કે, તબક્કાવાર રીતે, એપ્રિલ સુધી, ભાવમાં ઓછામાં ઓછો ૮-૧૦ ટકાનો વધારો થશે. ગયા વર્ષના ડિસેમ્બરની સરખામણીએ આ વર્ષે કિંમતોમાં લગભગ ૬-૭ ટકાનો વધારો થયો છે,". અમારી પડતર ઊંચી આવી રહી છે અને હવે એલ્યુમિનિયમ અને રેફ્રિજન્ટ્સ ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યુટી પણ લાદવામાં આવી છે, તેથી અમે ૨-૩ ટકાનો બીજો વધારો કરી શકીએ છીએ. આ આઈટમ્સ પરના વાસ્તવિક કોમોડિટીના વધારા કરતાં વધુ હશે અને તે અનિવાર્ય છે.

CEAMAના પ્રમુખ એરિક બ્રાગાન્ઝાએ જણાવ્યું હતું કે: "ઉદ્યોગે તહેવારોની મોસમને કારણે ભાવ વધારો મોકૂફ રાખ્યો હતો. જો કે, હાલમાં, ઉત્પાદકો પાસે ભાવ વધારો ગ્રાહકો ઉપર નાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. અમે અપેક્ષા રાખીએ છીએ કે ઉદ્યોગ ભાવમાં વધારો કરશે. અને તે જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ૫-૭ ટકાની રેન્જમાં વધારો હશે. બ્રાગેન્ઝાએ જણાવ્યું હતું કે, આ અમલીકરણ દરેક કંપની માટે અલગ-અલગ હશે કારણ કે, કેટલાક ઉત્પાદકોએ પહેલેથી જ ભાવમાં વધારો કર્યો છે અને કેટલાક તે હવે કરવાની પ્રક્રિયામાં છે. તેમ છતાં, જો બજારમાં માંગ ધીમી રહેશે અને કાચામાલના ભાવમાં ઘટાડો થશે તો એવી પણ સંભાવના છે કે, એપ્રિલ અથવા મે મહિનામાં કિંમતો ઘટશે. અમે આશાવાદી છીએ કે, વૈશ્વિક નૂર અને કાચા માલના ખર્ચમાં ઘટાડાને કારણે આખરે કોમોડિટીના ભાવ સ્થિર થશે અને તેની ગ્રાહકની માંગ ઉપર હકારાત્મક અસર થવી જોઈએ.



સોની અને ગોદરેજ એપ્લાયન્સીસ જેવી કંપનીઓએ જણાવ્યું હતું કે, તેઓએ હજુ સુધી ભાવ વધારો કર્યો નથી. સોની ઈન્ડિયાના મેનેજિંગ ડિરેકટર સુનીલ નય્યરે જણાવ્યું હતું કે, ભાવ સુધારણાનો વિચાર અત્યારે અમારા મુદ્દામાં નથી. ગોદરેજ એપ્લાયન્સ બિઝનેસ હેડ અને એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ કમલ નંદીએ જણાવ્યું હતું કે, કોરોનાવાયરસ ચેપના વધતા દરને કારણે માંગમાં હાલના ઘટાડાને જોતાં, કંપની કોઈપણ વધારાનું આગામી દિવસોમાં મૂલ્યાંકન કરશે. સુપર પ્લાસ્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ (SPPL), જેની પાસે બ્લુપંકટ, થોમસન, કોડક અને વ્હાઈટ-વેસ્ટિંગહાઉસ સહિતની આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ માટે બ્રાન્ડિંગ લાઈસન્સ છે, તેણે જણાવ્યું હતું કે, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ વસ્તુઓના વિવિધ સ્તરો ઉપર ભાવ વધારાનું અવલોકન કરી રહ્યું છે. SPPLના CEO અવનીત સિંહ મારવાહે જણાવ્યું હતું કે, અમે ધારીએ છીએ કે આ નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં, કન્ઝ્યુમર ઈલેકટ્રોનિકસની કિંમતો મોટાભાગની શ્રેણીઓમાં તમામ સ્તરે ભાવ વધારવામાં આવશે. રોગચાળાના કેસોમાં વધારો થવાને કારણે ઉત્પાદનમાં વિલંબ થઈ શકે છે કારણ કે તે માનવશકિતની અછત ઊભી કરશે. વધુમાં, ઘણી રાજય સરકારોએ સપ્તાહાંત અને રાત્રિ કર્ફ્યુ શરૂ કર્યા છે તેની અસર ઉત્પાદન ઉપર પડશે. આના કારણે ઉત્પાદનમાં ૨૫ ટકા સુધીનું નુકસાન થઈ શકે છે, અને કાચા માલની અછતને લીધે ભાવવધારો થઈ શકે છે.

ઉત્પાદન બનાવવા માટે જરૂરી સેમિકન્ડકટરની કિંમતમાં વધારા સાથે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં વપરાતી ધાતુઓ અને પ્લાસ્ટિકની કિંમતમાં પણ ૭૦ ટકાનો વધારો થયો છે. છેલ્લા કવાર્ટરમાં સમગ્ર સેક્ટરમાં ઈલેકટ્રોનિક્સની કિંમતો વધતી રહેશે, જે ગ્રાહકોને નુક્સાન પહોંચાડશે. વિડિયોટેક્સ ઈન્ટરનેશનલ, જે ડાઈવા અને શિન્કો બ્રાન્ડની માલિકી ધરાવે છે, તેણે જણાવ્યું હતું કે, મેઈનબોર્ડ, વાયર, પેકેજિંગ વગેરે જેવા મટિરિયલ ઈનપુટ્સના ભાવમાં સતત વધારો થવા છતાં દિવાળી પછી એકંદરે ટીવીના ભાવમાં ઘટાડો થયો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ઓપન સેલની કિંમતમાં ઘટાડો થયો છે, જો કે નૂર ખર્ચ ફરી વધવા લાગ્યો છે. એક બ્રાન્ડ તરીકે, અમે આ મહિને અમારી કિંમતોમાં વધારો કરીશું નહીં. અમે હાલમાં બજારની સ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છીએ અને આગામી મહિનામાં નક્કી કરીશું કે, અમે કેવા આગામી પગલાંઓ લઈ શકાય છે. ભારતીય ઉપકરણો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઉદ્યોગનું કદ રૂા.૭૫,૦૦૦ કરોડની આસપાસ રહેવાની ધારણા રાખવામા આવે છે.

# સી પ્લેન ઉડાનથી લઈને બર્લિન સ્ટેશનની મુલાકાત સુધી મોદીએ સુરક્ષા સંહિતા સાથે અનેક વખત ચેડાં કર્યા છે

નવી દિલ્હી તા.૧૨

પંજાબમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા ચૂકને લઈને છેડાયેલ વિવાદમાં સુપ્રીમકોર્ટ અભ્યાસ કરી રહી છે.પરંતુ એસપીજીના એક પૂર્વ કર્મચારીના જણાવ્યાં અનુસાર વડા પ્રધાન મોદીને આવું પસંદ પડે છે.તેઓ પોતાની સિક્યોરિટી ડ્રીલની સલાહથી વિપરીત ઘણીવાર ગયાં છે.૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં રોડશો માટેની મંજૂરી નહીં મળતાં વડા પ્રધાનો સાબરમતી રીવર ફ્રંટથી મહેસાણા જિલ્લામાં ધરોઈ ડેમ સુધી પ્રવાસ કરવાનો નિર્ણય કર્યો હતો. એ વખતે અને ત્યાર બાદ નિવૃત્ત અને સેવારત બંને અધિકારીઓને કઈ રીતે અને શા માટે મોદીનો સિંગલ એન્જિનવાળા પ્લેનમાં મુસાફરી કરવા દેવામાં આવી હતી ? જો કે આ ઘટનામાં કોઈનું માથુ ગગડ્યું નથી.એક પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ જણાવે છે કે વીવીઆઈપીના ઈશારે બ્લુ બુકની સૂચનાઓનો ભંગ થયેલો છે. આ ઉલ્લંઘન એસપીજી દ્વારા પીએમઓના ધ્યાન ઉપર લાવવામાં આવ્યું હતું.એવું પણ ઘણી વખત બન્યું છે કે જ્યારે વડા પ્રધાનની માંગણી ઉપર એસપીજીનો સુરક્ષાને લઈને પીછેહઠ કરવી પડી હોય. એક વિદેશની મુલાકાત દરમ્યાન મોદી પોતાનો કાફલો અટકાવીને લોકો સાથે હળીમળી જવા માગતાં હતાં. ગુપ્તચર સંસ્થાઓએ એવો નિર્દેશ આપ્યો હતો કે આવા સંજોગોમાં વડા પ્રધાનની નજીકથી હત્યા કરવાનો પ્રયાસ થઈ શકે છે અને આ જોખમ સ્પષ્ટ હતું. તેમ છતાં મોદીએ કારની બહાર જવાનો આગ્રહ રાખ્યો ત્યારે પાળની કારમાં આવી રહેલ એસપીજીના વડાનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. એસપીજીના વડાની સૂચના સ્પષ્ટ હતી કે કોઈ પણ સંજોગોમાં કાફલો અનિર્ધારીત સ્થળે રોકાશે નહીં અને જો આ આદેશનો અમલ નહી કરવામાં આવે તો સરકારી આદેશનો અનાદર કરવા બદલ અધિકારીનો સ્થળ ઉપર જ સસ્પેન્ડ કરવામાં આવશે. આખરે રસાલો આગળ વધ્યો હતો અને છેલ્લે એસપીજીના વડાને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.૨૦૧૫માં જર્મનીની મુલાકાત દરમ્યાન મોદીએ બર્લીન રેલવે સ્ટેશનની મુલાકાત લેવાનો આગ્રહ રાખ્યો હતો.તેમણએ જણાવ્યું હતું કે તેઓ આધુનિક રેલવે ટર્મિનલની કામગિરીનો અભ્યાસ્ર્મ કરવા માંગે છે,પરંતુ જર્મન સિકયોરિટીએ આ વિનાંતી ફગાવી દીધી હતી કારણકે એવું જણાયું હતું કે આવી જગ્યાઓ અંગે સેનિટાઈઝ કરવું અશક્ય હોય છે.તેમ છતાં વડા પ્રધાને પોતાનું ધાર્યુ કર્યુ હતું અને મુલાકાત લીધી હતી અને આ રીતે એસપીજી માટે મોટો પડકાર ઊભો થયો હતો.આમ પૂર્વ એસપીજી જણાવે છે કે મોદીને પોતાની સુરક્ષાની વિગતોની સલાહ અવગણીને પણ આ રીતે જાહેરમાં જવાનું પસંદ છે.

(સૌ. :ધ વાયર.ઈન)

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ 'હાજીર હો' શું ભારતની કાનૂની પ્રણાલિ ટેક્નોલોજી માટે સંપૂર્ણપણે તૈયાર છે?

## કાનૂની શબ્દ ભંડોળથી લઈને અંતર્ગત પૂર્વાગ્રહ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ સુધી ન્યાયતંત્ર સામે અનેક પડકારો છે

નવી દિલ્હી તા.૧૨

તાજેતરના ભૂતકાળમાં ભારતે કાનૂની જ્ઞાન મેળવવા અને તેનો લીગલ કે ન્યાય આપવાની સિસ્ટમમાં ઉપયોગ કરવા માટે વિવિધપ્રકારના ટુલ્સ ,પદ્ધતિ અને ટેક્નોલોજીમાં ભારે પ્રગતી કરી છે.જેમ કે સુપ્રીમકોર્ટ દ્વારા આર્ટિફિશિયલ એજન્સીનાર્ટ સ્થાપનાબાદ ત્રણ આર્ટિફીશિયર્ટ ઈન્ટેલિજન્સના ટુલ્સ લોંચ કરવામાં આવ્યાં છે. પરંતુ ભારતમાં કાનૂની દસ્તાવેજોની જટિલ, ઘોંઘાટી અને અનૌપચારીક લાક્ષણિકતાનો કારણે આ બધા પ્રશ્નો વધું મહત્વપૂર્ણ છે.આ લેખ માટે અમે કાનૂની દસ્તાવેજોને કોર્ટના જજમેન્ટ તરીકે ગણીએછીએ.એ જ રીતે સિવિલ (પ્રોપર્ટી ડોક્યુમેન્ટ) અને ક્રીમિનલ ડોક્યુમેન્ટ (એફઆઈઆર ચાર્જશીટ, મેડીકલ રિપોર્ટ), લીગલ રિપોર્ટ જેમ કે એઆઈઆર-આઈએલઆર) રિપોર્ટને કાનૂની દસ્તાવેજ તરીકે પરિભાષિત કરીએ છીએ. આ કાનૂની દસ્તાવેજ સામે ચાર ગણા પડકારો છે. ૧. જીલ્લા એકમો, ૨. કાનૂની શબ્દકોષ. ૩. ચુકાદાની અસમાન સ્ટાઈલ અને સ્ટ્રક્ચર, ૪. કાનૂની માળખામાં અંતર્ગત પૂર્વાગ્રહ. આથી આ પડકારોને વ્યક્તિગત રીતે કાનૂની દસ્તાવેજ તરીકે સમજવા જરૂરી છે. પ્રત્યેકર શબ્દનો જે તે સંદર્ભમાં અર્થ થતો હોય છે.લીગલ ડોક્યુમેન્ટ એ જિલ્લા એકમોનો સેટ હોયછે.આથી અનૌપચારીક ભાષાશાસ્ત્રીય માહિતી સાથે કામ લેવું એ કાનૂની માહિતી પ્રોસેસિંગનું સૌથી પડકારજનક કાર્ય છે.બીજો પડકાર કાનૂની દસ્તાવેજોમાં ચોક્કસ કારણો હોય છે જેમાં તેની સ્પષ્ટતા જરૂરી છે.કાનૂની શબ્દ ભંડોળ એ નિયમિત કે રેગ્યુલર ભાષા હોતી નથી. આથી કાનૂની ક્ષેત્રમાં આ ટુલ્સ ઊભા કરવા એ મહત્વપૂર્ણ છે.ત્યાર પછીનો પડકાર ચુકાદાના માળખા કે નિયત નમુનાનો છે જે દરેક અદાલતમાં અલગ અલગ હોય છે અને ભારતમાં જજ ઉપર તેઆધારીત હોયછે.આમપ્રશ્ન એઊભોથાય છે કે શું ભારતની લીગલ સિસ્ટમ ટેકનોલોજી માટે તૈયાર છે?કાનૂની શબ્દ ભંડોળથી લઈને અંતર્ગત પૂર્વાગ્રહ અને આર્ટિફિશિયર્ટ ઈન્ટેલિજન્સનો ઉપયોગ સુધી ન્યાયતંત્ર સામે અનેક પડકારો છે.

# અમેરિકી સ્ટોર ઉપર બે વર્ષ બાદ ફરી ભારતીય કેરીઓ વેચાશે

નવી દિલ્હી તા.૧૨

બે વર્ષ બાદ ફરી એકવાર ભારત અમેરિકામાં કેરીની નિકાસ કરવા જઈ રહ્યું છે. કેરીની સાથે હવે ભારતીય દાડમની પણ અમેરિકામાં નિકાસકરવામાં આવશે. ડુક્કરનું માંસ અમેરિકાથી ભારતમાં આવશે. આ ઉપરાંત અમેરિકાની ચેરી અને આલ્ફાફ્ફા ચારો પણ આગામી સમયમાં ભારતીય બજારમાં જોવા મળશે. વાણિજ્ય મંત્રાલયે આ સંદર્ભમાં માહિતી આપી હતી. વાણિજ્ય મંત્રાલયેજણાવ્યું હતું કે ભારતથી યુએસમાં કેરી અને દાડમની નિકાસ આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં શરૂ થશે. તેનાથી દેશની કૃષિ નિકાસ વધારવામાં મદદ મળશે. ભારતમાંથી અમેરિકામાં દાડમના બીજની નિકાસ અને યુએસથી આલ્ફાફ્ફા ચારા અને ચેરીની આયાત પણ આ વર્ષે એપ્રિલથી શરૂ થશે. આ કરાર હેઠળ, કેરી, દાડમ અને દાડમના બીજના નિરીક્ષણ અને દેખરેખની પદ્ધતિ હેઠળ ભારતમાંથી તેમની નિકાસ અને યુએસ ચેરી અને આલ્ફાફ્ફા ચારા માટે ભારતીય બજારમાં પ્રવેશ. કેરી અને દાડમની નિકાસ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૨ માં શરૂ થશે અને દાડમના બીજની નિકાસ એપ્રિલ, ૨૦૨૨ થી શરૂ થશે. પશુપાલન અને ડેરી વિભાગે કહ્યું છે કે તે અમેરિકાથી આવતા ડુક્કરના માંસને બજારમાં પ્રવેશ આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. ટ્રેડ પોલિસી ફોરમની બેઠકમાં આ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી ભારતે અમેરિકામાં કેરીની નિકાસ કરી નથી. ભારતીય દશેરી અને લંગરા જેવી કેરીની જાતો હવે ન્યૂયોર્ક અને અન્ય અમેરિકન શહેરોમાં જોવા મળશે. તે જ સમયે, કેલિફોર્નિયાની ચેરી ભારતમર્ન વેચવામાં આવશે. અમેરિકામાં ભારતીય કેરીની ઘણી માંગ છે. આવી સ્થિતિમાં ફરી એકવાર કેરીને અમેરિકા મોકલવાના નિર્ણયથી કૃષિ નિકાસને વેગ મળશે એટલું જ નહીં કેરીનું ઉત્પાદન કરતા ખેડૂતોને પણ સારો ભાવ મળશે.

# વિવિધ સ્થિતિમાં કામગીરીના નિર્દિષ્ટ રીડિંગ પ્રસ્થાપિત કરવા યુદ્ધ જહાજ વિક્રાંતનું જટિલ પરીક્ષણ હાથ ધરાશે

નવી દિલ્હી તા.૧૨

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ દ્વારા સ્વદેશી વિમાનવાહક યુદ્ધ જહાજ (આઈએસી) વિક્રાંતની ઉપરાછાપરી બે હાઈ પ્રોફાઈલ મુલાકાત બાદ હવે વિક્રાંતમાં રવિવારે આગામી દરિયાઈ પરીક્ષણ યોજાનાર છે કે જે બે સપ્તાહ સુધી ચાલશે. ગઈ સાલ ઓગસ્ટમાં જહાજની આગળ વધવાની ક્ષમતા, નેવીગેશનલ સ્યૂટ અને બેઝીક ઓપરેશન માટે દરિયામાં તેની પ્રારંભિક ટ્રાયલ યોજાઈ હતી અને ઓકટો.-નવે.માં બીજી ટ્રાયલમાં તેની વિવિધ મશીનરી અને ફ્લાઈટની ટ્રાયલ યોજાઈ હતી. દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકયા નાયડુએ આઈએસી વિક્રાંતની પ્રગતિની તેમની તાજેતરની મુલાકાત દરમ્યાન સમીક્ષા કરી હતી અને કોચીમાં સધર્ન નેવલ કમાન્ડ હેડક્વાર્ટરની મુલાકાત લઈને સંતોષ વ્યક્ત કર્યો હતો અને આ પ્રોજેક્ટ અંગે પોતાની શુભકામનાઓ પાઠવી હતી.



બીજી ટ્રીપ દરમ્યાન સમુદ્રને લગતા વિવિધ પરીક્ષણો સફળતાપૂર્વક પાર પડ્યા હતાં. જહાજની ક્ષમતા અંગે પર્યાપ્ત વિશ્વાસ સંપાદિત કર્યા બાદ આઈએસી હવે વિવિધ સ્થિતિમાં આ જહાજ કેવી કામગીરી કરે છે તેના નિર્દિષ્ટ રિડીંગ લેવા માટે એક જટિલ ટ્રાયલમાંથી પસાર થશે એવું ભારતીય નૌકા દળે અત્રે એક સત્તાવાર યાદીમાં જણાવાયું હતું. વિશાખાપટ્ટનમ સ્થિત ડીઆરડીઓ લેબોરેટરી-નેવલ સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ લેબોરેટરીના વૈજ્ઞાનિકો પણ આ ટ્રાયલમાં જોડાશે. આ ઉપરાંત જહાજના વિવિધ સેન્સર સ્યૂટનું પણ પરીક્ષણ કરાશે. આઈએનએસ વિવિધ મોરચે સફળ રહ્યું છે તે પછી આત્મ નિર્ભરનો કેસ હોય કે જેમાં ૭૬ ટકા સાધનો સ્વદેશી રીતે પ્રાપ્ત કરાયાં હતાં કે પછી ઈન્ડિયન નેવીની ડિઝાઈન ટીમ અને કોચીન શીપ યાર્ડ લેમિટેડ વચ્ચેના નિકટના સંકલનની બાબત હોય. આ જહાજ પ્રથમ પ્રવાસમાં જ પાયાના ફ્લાઈંગ ઓપરેશન પાર પાડવામાં સફળ રહ્યું હતું જે ભારતીય જહાજ નિર્માણના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ છે. શ્રેણીબદ્ધ પ્રગતિશીલ જહાજની ટ્રાયલ સંપૂર્ણ રીતે સફળ થયા બાદ વિક્રાંતને આ વર્ષે આઈએનએસ વિક્રાંત તરીકે આઝાદીકા અમૃત મહોત્સવના ભાગરૂપે નેવીને અર્પણ કરાશે. આ જહાજમાં મીગ-૨૯ કે ફાઈટર વિમાન અને કામોવ-૩૧ એરઅર્લી વોર્નિંગ હેલિકોપ્ટર અને ટૂંક સમયમાં સામેલ થનાર એમએચ-૬૦ આર મલ્ટી રોલ હેલિકોપ્ટર અને સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર એમકે-૩ હેલિકોપ્ટર સહિત વિવિધ હેલિકોપ્ટર ઓપરેટ કરશે.

### અદ્દ્ભૂત મીઠાઈની કિંમત ૧૬ હજાર રૂપિયા પ્રતિ કિલો

# ઈન્ટરનેટ ઉપર વાયરલ થઈ રહી છે સૌથી મોંઘી મીઠાઈ

નવી દિલ્હી, તા.૧૨

મીઠાઈ ખાવાનું કોને ન ગમે ? પછી તે કોઈપણ તહેવારની સિઝન હોય કે ન હોય. મીઠાઈની માંગ હંમેશા રહે છે. આવી સ્થિતિમાં જો કોઈ મીઠાઈ એટલી મોંઘી હોય કે તેની કિંમત સાંભળીને જીભ કડવી થઈ જાય તો તેને શું કહેવાય ? આવી જ કેટલીક મીઠાઈઓ હાલમાં સોશિયલ મીડિયા ઉપર છવાયેલી છે. આ મીઠાઈની વિશેષતા માત્ર અને માત્ર તેની કિંમત છે. વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં એક વ્યક્તિ મીઠાઈ બનાવતો જોઈ શકાય છે, જે એકદમ સ્વાદિષ્ટ લાગે છે. જો કે, આ મીઠાઈની સાથે તેની કિંમત પણ વીડિયો ઉપર લખેલી છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં દુકાનદાર મીઠાઈઓ ઉપર ચમકદાર સોનાનું વર્ક લગાવતો જોઈ શકાય છે તે સ્વીટ ઉપર એક પછી એક ગોલ્ડ વર્ક લગાવે છે અને પછી આ ગોલ્ડ પ્લેટેડ મીઠીના ટુકડા કરે છે. દરેક મીઠાઈ પર સોનાનું વર્ક લગાવ્યા પછી તે તેના ઉપર કેસરના કેટલાક ટુકડા મૂકે છે. જેમને તેની કિંમત વિશે ખબર પડે છે કે તરત જ તેમની મીઠાઈ ખાવાની ઈચ્છા સમાપ્ત થઈ જાય છે. આ અદ્દ્ભૂત મીઠાઈની કિંમત ૧૬ હજાર રૂપિયા પ્રતિ કિલો છે. આ વીડિયો સોશિયલ મીડિયા સાઈટ ઈન્સ્ટાગ્રામ દ્વારા શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોને ૮ લાખ ૪૩ હજારથી વધુ લાઈક્સ અને વ્યૂઝ મળ્યા છે. વીડિયો ઉપર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું છે કે, બાય ધ વે, કિંમત ગમે તે હોય, સ્વીટ જોવામાં શાનદાર અને સ્વાદમાં મજેદાર હશે, તે જ સમયે, અન્ય એક યુઝરે લખ્યું કિંમત સાંભળ્યા પછી, મોટાભાગના લોકો ગોળ ખાઈને સંતુષ્ટ થઈ જશે. અન્ય એક યુઝરે રમૂજી ટિપ્પણી કરી અને લખ્યું તેને ખરીદવા માટે એક મહિનાનો પગાર લાગશે.

# સમસ્ત ખાંટ રાજપૂત સમાજ ટ્રસ્ટ ભવનાથ દ્વારા ભવ્ય સન્માન સમારોહ યોજાયો






જૂનાગઢ તા. ૧૨

સમસ્ત ખાંટ રાજપુત સમાજ ટ્રસ્ટ ભવનાથ દ્વારા સમાજના ચુંટાયેલા ૩૦ સરપંચો તથા સમાજના યુવાનો માટે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજકો તથા સેમીફાઈનલમાં વિજેતા ટીમના કેપ્ટનોનું સન્માનનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તાજેતરમાં તા.૯-૧-૨૨ના રોજ ભવનાથ મુકામે સમસ્ત ખાંટ રાજપુત સમાજ ટ્રસ્ટ ભવનાથના પ્રમુખ અને સિનીયર એડવોકેટ નાથાભાઈ મોરીના પ્રમુખ સ્થાને જ્ઞાતીના નવા ચુંટાયેલા સરપંચો, યુવાનો માટે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજકો તથા સેમીફાઈનલ તથા ફાઈનલમાં વિજેતા થયેલ ટીમનો સન્માન સમારંભ ભવનાથમાં સમાજનીવાડી ખાતે યોજાયેલ હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે મીનરાજ સ્કુલના પ્રમુખ દાદુભાઈ કનારા, બાર સિનીયર એડવોકેટ પી.ડી. ગઢવી હાજર રહયા હતા. સ્વાગત પ્રવચન આપતા પ્રમુખ નાથાભાઈ મોરીએ જણાવેલ કે, ભવનાથમાં જ્ઞાતિની એક માસમાં જગ્યામાં જીર્ણોધ્ધાર કરી જગ્યામાં સફાઈ દરેક રૂમને કલર તથા જરૂરી બારી-બારણા રીપેર કરી રૂા.૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ. અગાઉ જગ્યામાં એક વર્ષ પહેલા ૨૫ લાખના ખર્ચે વિશાળ હોલ બનાવવામાં આવેલ. ત્યારબાદ નવા ગાદલા, ઓશીકા વસાવવામાં આવેલ. મહાશિવરાત્રી સુધીમાં આખી જગ્યામાં કલર કામ કરવા ટ્રસ્ટથી બનાવેલ સમિતિ દ્વારા નકકી કરવામાં આવેલ છે. આ અંગે સર્વે ટ્રસ્ટીઓનો સારો સહકાર મળી રહયો છે. તે માટ ટ્રસ્ટના પ્રમુખ નાથાભાઈ મોરી દરેક ટ્રસ્ટીઓના આર્થિક સહકારથી બાર રૂમ તથા ચાર હોલ બનાવેલ તે માટે ટ્રસ્ટ ગત વર્ષમાં ૪૦ લાખનો ખર્ચ કરી સમાજ માટે સરસ સુવિધા ઉભી કરેલ છે.

નવા ચુંટાયેલા જ્ઞાતિના ૩૦ સરપંચોને પોતાના ગામના નાગરીકોને તથા સમાજને ઉપયોગી થવા જરૂરી માર્ગદર્શન સાથે અભિનંદન પાઠવ્યા હતા. દાદુભાઈ કનારા તથા એડવોકેટ પી.ડી. ગઢવીએ સરપંચોને શાલ તથા હાર પહેરાવી સન્માન કરેલ હતું.

આ ઉપરાંત મેંદરડા તાલુકાના ઈંટાળી ગામે જ્ઞાતિના યુવાનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન આર્મીમેન હિતેષભાઈ મકવાણા, પાંચ પીપળાના માજી સરપંચ ભરતભાઈ જોડીયા, ઈટાળીના અશોકભાઈ મકવાણા વગેરે દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં જ્ઞાતિના જુદા જુદા ગામની ૨૧ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં આયોજક હિતેષ મકવાણા, ભરતભાઈ જોડીયાનું સેમીફાઈનલના કેપ્ટન વિકાસ ભેડા તથા ફાઈનલ વિજેતા કેપ્ટન અનીલ વેગડનું હાર પહેરાવી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. યુવાનોના વિકાસ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવા આયોજકોને અભિનંદન પાઠવવામાં આવેલ હતા. સન્માન સમારંભમાં ૩૦ ગામના સરપંચો, જ્ઞાતિના આગેવાનો, ટ્રસ્ટીઓ તથા યુવાનો હાજર રહેલ તે સૌનો આભાર માનેલ હતો.

અતિથી વિશેષ પદે ઉપસ્થિત દાદુભાઈ કનારાએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવેલ કે, ખાંટ સમાજના જુદા જુદા ૩૦ ગામના સરપંચો ચુંટાયેલ છે. તમામ સરપંચો પાંચવર્ષ દરમ્યાન ગામના સરસ કામ કરે સાથે સમાજ ઉપયોગી કામ કરી ભવિષ્યમાં તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત કે તેનાથી આગળ ચુંટાય તે માટ સૌ નવા સરપંચોએ ખુબજ કામ કરવાનું રહેશે. દાદુભાઈ કનારાએ જણાવેલ કે પોતે સામાન્ય પરિવારમાંથી આવે છે. પોતાની મહેનતથી આગળ આવી ભવનાથમાં મીનરાજ નામની વિશાળ શૈક્ષણિક સંસ્થા ચલાવે છે. જેમાં જુદા જુદા સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સામાજીક વિકાસ માટે સતત પ્રયત્ન કરેછે. ખાંટ સમાજના ૪૦થી વધુ વિદ્યાર્થીઓ મારી સંસ્થામાં છે. સમાજમાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ફીમાં રાહત કરી એડમીશન આપું છું. ભવિષ્યમાં પણ ખાંટ સમાજના બાળકોને મદદરૂપ થવા પ્રયત્ન કરીશ તેવી ખાત્રી આપેલ હતી. આ તકે ઉપસ્થિત એડવોકેટ પી.ડી. ગઢવીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે ખાંટ રાજપુત સમાજ અને ગઢવી સમાજ અરસ-પરસ વિચારથી મળતા સમાજો છે. ખાંટ-રાજપૂત સમાજના જ્ઞાતિના વિકાસ માટે કામ કરતી સંસ્થાઓની મેં ફી લીધી નથી.

મારી ફરજ સમજી મદદરૂપ થાવછું તેમ જણાવેલ હતું. આ પ્રસંગે યુવાનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજેલ તેના આયોજકોને સેમીફાઈનલ તથા ફાઈનલમાં વિજેતા થયેલ ટીમોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા. રવિન્દ્ર જાડેજાનું ઉદાહરણ આપી જણાવેલ કે રવિન્દ્રસિંહ જાડેજા સામાન્ય પરિવારના હતા પરંતુ પોતાની મહેનતથી આગળ આવી અત્યારે ભારતની ટીમના સારા ક્રિકેટર છે. યુવાનોએ ક્રિકેટ સાથે શિક્ષણમાં પણ ધ્યાન આપવું જોઈએ તેમ જણાવેલ હતું. કાર્યક્રમનું સંચાલન એસટીના નિવૃત્ત વિભાગીય નિયામક અને ભવનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી કિશોરસિંહ ગોહીલે કરેલ હતું. આભારવિધી ટ્રસ્ટી અને એડવોકેટ પોપટભાઈ મુળીયાએ કરેલ હતી.

આ સન્માન સમારંભમાં જ્ઞાતિ અગ્રણીઓ હીરાભાઈ ગુજરાતી, નરસીભાઈ સરવૈયા, વલકુભાઈ દેવધરીયા, સુભાષભાઈ મકવાણા, અશોકભાઈ મોરી, ભીખુભાઈ ભેડા, લક્ષ્મણભાઈ મોરી, ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ, તાલુકા પંચાયતના સભ્ય મનીષ રાઠોડ, માજી સરપંચ મનસુખ મકવાણા, ભરતભાઈ જોડીયા, અરવિંદભાઈ સરવૈયા, બાવનજીભાઈ ગુજરાતી, રમેશભાઈ ચાવડા વગેરે હાજર રહયા હતા. ભવનાથ ટ્રસ્ટના બાર ટ્રસ્ટીઓએ જગ્યાના વિકાસ માટે પાંચ-પાંચ હજારનું દાન આપેલ હતું.

વિશેષમાં બાર એસો.ના નવા ચુંટાયેલ પ્રમુખ ભાવેશભાઈ ઝીંઝુવાડીયા, ઉપપ્રમુખ જયદેવ જોષી, ખજાનચી મહેશભાઈ લાખાણી ખાસ હાજર રહયા હતા. આ હોદેદારોનું ટ્રસ્ટ વતી પ્રમુખ નાથાભાઈ મોરીએ શાલ ઓઢાડી તથા હાર પહેરાવી સન્માન કરેલ હતું. સન્માન સમારંભની વ્યવસ્થા ભવનાથ ટ્રસ્ટના મંત્રી મોહનભાઈ ડાભી, ખજાનચી કનુભાઈ ભેડા, કિશોરસિંહ ગોહીલ, નાથાભાઈ મોરી, અનીલભાઈ ગોહેલ, રવજીભાઈ કંડોલીયા, મનુભાઈ મકવાણા, વિનુભાઈ મકવાણા તથા રામજીભાઈ લાલકીયાએ સંભાળેલ તેમ એક યાદીમાં જણાવેલ છે.

# મકરસંક્રાંતિ પર્વ ઉપર સલામતી જાળવવા લોકોને વીજ કંપનીની અપીલ

જૂનાગઢ તા. ૧૨

મકરસંક્રાંતિના પવિત્ર પર્વની આપણે સૌ સલામતી પુર્વક ઉજવણી કરી શકીએ તે માટે આપને તથા આપના બાળકોને પતંગ ઉડાડતી વખતે નીચેના મુદાઓને ધ્યાનમાં રાખવા વીજ કંપનીની વિનંતી છે. પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા ઉપર ચઢશો નહીં. વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહીં. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતા મોટા ભડાકા થવાની, તારતુટી જવાની, અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો (ઉપકરણો) બળી જવાની સંભાવના રહે છે.

થાંભલા કે વીજળીના તારમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે. ધાતુના તાર કે મેગ્નેટીક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નાહીં, તેમ કરવાથી વીજળીના તારનો અડકતા વીજળીનો આંચકો લાગવાથી અકસ્માતની સંભાવના રહે છે. નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ જીંદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખવો. ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહીં, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે જેથી અંધારપટ્ટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે. વીજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીકથી પતંગ ઉડાડશો નહીં.

ઉપરોકત સુચનો યાદ રાખી અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી સંપુર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા છે તેમ પીજીવીસીએલ જૂનાગઢ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરની યાદીમાં અપીલ કરાઈ છે.

# મારો વિશ્વાસ યુવા શકિત ઉપર છે : સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨મી જાન્યુઆરી ૧૮૬૩ના રોજ કલકત્તા ખાતે શિમલા પાલ્લીમાંથયો હતો અને તેમનું નામ નરેન્દ્રનાથ દત્ત પાડવામાં આવ્યું હતું. તેમના પિતા વિશ્વનાથ દત્ત કલકત્તા હાઈ કોર્ટમાં એટર્ની હતા. તેમની ગણના એક ઉદાર વ્યક્તિ તરીકે થતી હતી અને સામાજિક તથા ધાર્મિક બાબતોમાં તેમની છાપ એક પ્રગતિશીલ વ્યક્તિની હતી.તેમની માતા ભુવનેશ્વરી દેવી પવિત્ર સ્ત્રી હતા તથા સંયમ પાળતા હતા અને પોતાને એક પુત્ર આપવા માટે તેઓ વારાણસીના વિરેશ્વર શિવની આરાધના કરતા હતા.જાણવા મળ્યા મુજબ તેણીને એક સ્વપ્ન આવ્યુ હતું જેમાં તેમને એવું દેખાયુ હતું કે શિવ ભગવાને ધ્યાનમાંથી ઉઠીને કહ્યું કે તેઓ તેના પેટે પુત્ર તરીકે જન્મ લેશે. તેમના માતાપિતાએ સ્વામીની વિચારસરણી ઉપર અસર પાડી – પિતાએ તેમના બૌધ્ધિક દિમાગથી તથા માતાએ તેમના ધાર્મિક સ્વભાવથી. તેમની યુવાનીના વર્ષો દરમ્યાન તેઓ પાશ્ચાત્ય તત્વજ્ઞાન અને વિજ્ઞાનના પરિચયમાં આવ્યા હતાં અને તેઓ કોઈ પણ વાતને બૌધિક પુરાવા અને વ્યવહારિક ચકાસણી વિના માનવાનો ઈન્કાર કરતા હતાં. તેમના મનનો બીજો હિસ્સો ધ્યાનના આધ્યાત્મિક આદર્શો અને અનાસક્તિ તરફ આકર્ષાતો હતો.

નરેન્દ્રનાથે પોતાનો અભ્યાસ ઘરેથી શરૂ કર્યો હતો પરંતુ પછીથી તેઓ સને ૧૮૭૧માં ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર સંસ્થામાં દાખલ થયા હતા અને સન ૧૮૭૯માં તેમણે પ્રવેશ પરિક્ષા પાસ કરી હતી. તેમને વિવિધ વિષયોમાં રસ હતો અને તેઓ તત્વજ્ઞાન, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, વિનયન, સહિત્ય અને અન્ય વિષયોમાં વિદ્વતા ધરાવતા હતા. તેમણે વેદ, ઉપનિષદો, ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત અને પુરાણોમાં ઉંડો રસ દાખવ્યો હતો. તેઓ શાસ્ત્રિય સંગીતમાં, ગાયકી વાદ્ય એમ બંનેના જાણકાર હતા. બાળપણથી જ તેમણે શારીરિક કસરત, રમતગમત અને અન્ય સંગઠનલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો. તેઓ જ્યારે ખુબજ યુવાન હતા ત્યારે પણ તેમણે પાખંડી રીતરિવાજો અને જ્ઞાતિ અને ધર્મ આધારીત ભેદભાવો સામે અવાજ ઉઠાવ્યો હતો "મારો વિશ્વાસ યુવાશક્તિ ઉપર છે. એમાંથી જ મારા કાર્યકર્તાઓ પેદા થશે, જે તેમના પરાક્રમોથી વિશ્વને બદલી નાખશે." ભારત સ્વતંત્ર થયું તેનાં ૫૦ વર્ષ પહેલાં મદ્રાસના યુવાનો સમક્ષ આપેલ ભાષણમાં સ્વામીજીએ આ વિશ્વાસ વ્યકત કર્યો હતો. સ્વામી વિવેકાનંદ પોતે જ યુવાન હતા. તેમનું સમગ્ર જીવન અને સંદેશ યૌવનનો આદર્શ હતો. તેમણે ભારતીય સંસ્કૃતિમાં યુવાવસ્થાના આદર્શને આપણી સમક્ષ રજૂ કર્યો.

ફકત ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૨ દિવસના ટૂંકા આયુષ્યમાં એવું પરાક્રમ કર્યું હતુંકે, જેથી સમગ્ર વિશ્વ અચંબામાં પડી ગયું. પોતાનું જીવન, પ્રેરણા, વિચાર, સાહિત્ય તેમજ કાર્યોથી સ્વામીજીએ યુવાનોને પ્રેરિત કર્યા.



**આત્મવિશ્વાસ** : જીવનમાં જે નક્કી કર્યું છે તે કરવા માટે સૌથી વધુ જરૂર છે પોતાનો આત્મવિશ્વાસ, સ્વામી વિવેકાનંદ ઈશ્વરમાં વિશ્વાસ કરવા કરતાં પોતાનામાં વિશ્વાસ વ્યકત કરવાનું જણાવે છે. "પહેલાં કહેવાતું હતું કે, ઈશ્વરમાં વિશ્વાસ નહિ કરવાવાળો નાસ્તિક છે. હું કહું છું કે, જેને પોતાનામાં વિશ્વાસ નથી એ નાસ્તિક છે." આપણે આપણી શકિતઓની પરીક્ષા કર્યા વગર જ તેને મર્યાદિત કરી દીધી છે. આપણે એમ માનીને ચાલીએ છીએ કે આપણે આટલું જ કરી શકીએ, જયારે આપણી શકિતઓ અમર્યાદ છે. જો યુવાનો દ્રઢ નિર્ધાર કરે તો તેમના માટે શું અશકય છે ? આપણે સામાન્ય વ્યકિતઓની અસામાન્ય સિદ્ધિઓથી આશ્ચર્યશકિત પણ થઈ જઈએ છીએ અને તેમનાં વખાણ પણ કરીએ છીએ, પરંતુ શું આપણે એમનામાંથી પ્રેરણા મેળવીએ છીએ? શું આપણી ભીતર આ આત્મવિશ્વાસ પેદા થાય છે કે આપણે પણ આવું કંઈક કરી શકીએ ? સ્વામીજી આપણને એ પ્રેરણા પૂરી પાડે છે કે જીવનમાં આપણી આજુબાજુ બનવાવાળી નાનીમોટી, સકારાત્મક-નકારાત્મક બધીજ ઘટનાઓ આપણને આપણી અમર્યાદ શકિતને પ્રકટ કરવાની તક પૂરી પાડે છે.

**સમર્પણ** : કોઈપણ કાર્યમાં સફળતા મેળવવા માટે સમર્પણ અનિવાર્ય છે. સ્વામીજી તેને અધ્યવસાયની સંજ્ઞા આપે છે. "અધ્યવસાયી આત્મા કહે છે કે, હું સાગરને પી જઈશ એ છીપની જેમ જે સ્વાતિ નક્ષત્રના એક ટીપાને પ્રાપ્ત કરવા માટે મોજાંની ઉપર આવે છે. એક ટીપું પ્રાપ્ત થયા પછી સમુદ્રની અગાધ ઉંડાઈમાં જઈને ધીરજપૂર્વક બેસી જાય છે. જયાં સુધી તેનું મોતી ન બની જાય. આપણા યુવાનોને આવા અધ્યવસાયની જરૂર છે." આપણે કોઈપણ કાર્યની શરૂઆત કરવામાં તો ખૂબ મોટી મહાનતાનો પરિચય આપીએ છીએ પરંતુ થોડા જ સમયમાં સ્વાભાવિક રીતે જ તેનાથી વિમુખ થઈ જઈએ છીએ. આજના સ્પર્ધાત્મક યુગમાં આવા આરંભશૂરાઓનું કામ નથી. સંપૂર્ણ સમર્પિતભાવથી હાથ ઉપર લીધેલા કાર્યને પૂર્ણ કરવાની ધગશથી જ યુવાનોને સફળતા મળી શકે છે.

**સંગઠન** : વર્તમાન યુગ સંગઠનનો યુગ છે. કોઈપણ ક્ષેત્રમાં પછી તે વ્યાવસાયિક ક્ષેત્ર હોય કે વિજ્ઞાનનું, આજે ટીમ દ્વારા કાર્ય થાય છે. વ્યકિતગત સિદ્ધિઓના સ્થાને સમૂહ દ્વારા આજે કાર્યો પૂરાં થાય છે. પછી તે વહીવટનું ક્ષેત્ર હોય કે સોફટવેરનું, એને જ મહત્ત્વ મળે છે જે ટીમ સ્પિરીટથી કામ કરવામાં સક્ષમ હોય. વિશ્વના તમામ માનવ સંસાધન તજજ્ઞો આજે એજ ગુણને મહત્ત્વ આપે છે. સ્વામી વિવેકાનંદ અમેરિકામાં સંગઠન કાર્યના ચમત્કારથી પ્રભાવિત થયા હતા. એમણે નક્કી કર્યું હતું કે, ભારતમાં પણ આ સંગઠન કૌશલ્યને પૂર્નઃ જીવિત કરવું છે. તેમણે પોતે જ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરીને, સંન્યાસીઓ સુધી સંગઠન કરીને સમૂહમાં કામ કરવાની તાલીમ આપી હતી.

**લેખન : આસી.પ્રો. ડો. સચિન જે. પીઠડીયા**
**સરકારી વિનયન કોલેજ(ભેંસાણ)**
**મો. ૭૦૪૮૬૮૬૩૧૫**

# જૂનાગઢ જીલ્લા વહિવટીતંત્ર દ્વારા કોવિડ કોલ સેન્ટરનો પ્રારંભ

## કોરોના સંદર્ભે માર્ગદર્શન માટે ૨૪ કલાક ૦૨૮૫-૨૬૩૩૧૩૧ સંપર્ક સાધી શકાશે

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ શહેર સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કેસ નોંધાતા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા જિલ્લા સેવા સદન ખાતે જૂનાગઢ ખાતે કોવિડ કોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યુ છે. આ કોલ સેન્ટર ૨૪ કલાક કાર્યરત રહેશે. કોરોના સંદર્ભે માર્ગદર્શન માટે લોકો ફોનનં.૦૨૮૫-૨૬૩૩૧૩૧ ઉપર ૨૪ કલાક સંપર્ક સાધી શકાશે.

આ કન્ટ્રોલ રૂમ કમ કોલ સેન્ટર પરથી દરેક કોલનું તાત્કલિક નિવારણ કરવા સાથે હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધતા, કોરોનાની દવા, વેક્સીનેશન, કોરોના ટેસ્ટીંગ સેન્ટર સંબંધિ માહિતી માર્ગદર્શન આપવામાં આવશે. આ કોલ સેન્ટર દ્વારા હોમ આઈસોલેશન, એક્ટીવ અને ડિસ્ચાર્જ દર્દીઓ તેમજ સગર્ભા ધાત્રી માતાઓનું પણ ફોલોઅપ લેવામા આવે છે તેમ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જણાવાયું છે.

# ગાંધીગ્રામ, ટીંબાવાડી, શાંતેશ્વરના અર્બન સેન્ટરોએ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાશે

જૂનાગઢ, તા.૧૨

કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. સાથે જ શરદી, તાવ, ઉધરસ જેવી સામાન્ય બિમારીના કેસ પણ વધુ પ્રમાણમાં થઈ રહ્યા છે. ત્યારે જૂનાગઢ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા અને સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આયુર્વેદ અને હોમિયોપેથીની રોગ પ્રતિકારક શક્તિ વર્ધક દવાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

જૂનાગઢ શહેરના શાંતેશ્વર, ટીંબાવાડી અને ગાંધીગ્રામ અર્બન સેન્ટરમાં કોરોના પ્રતિકારક અને રોગ પ્રતિરોધક ક્ષમતા વર્ધક આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથી આર્સેનિક આલ્બનું વિતરણ કરવામાં આવશે. જેનો આ વિસ્તારના લોકોને લાભ લેવા જૂનાગઢ જિલ્લા આયુર્વેદ અધિકારી અને સરકારી આયુર્વેદ હોસ્પિટલ અધિક્ષક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢમાં આજે કવાવાડી ખાતે ઈ-નિર્માણ અને આયુષ્યમાન કાર્ડનો કેમ્પ

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢમાં કાર્યરત દરેક કાર્પેન્ટર ભાઈઓને જણાવવામાં આવે છે કે, આજ તા.૧૨/૧/૨૦૨૨ ને બુધવારના રોજ કવા વાડી દાતાર રોડ જૂનાગઢ ખાતે સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી ઈ નિર્માણ તેમજ આયુષ્યમાન કાર્ડનો કેમ્પ રાખેલ છે. દરેક કાર્પેન્ટર ભાઈઓને બહોળી સંખ્યામાં લાભ લેવા કાર્પેન્ટર વેલ્ફેર એસોસીએશન ટીમ જૂનાગઢ (મો.૯૪૦૯૧ ૨૪૨૪૪)ની એક યાદીમાં જણાવાયું છે.

# સંક્રાંતિ પ્રવેશ સમયની કુંડલી

મકર સંક્રાંતિનો પ્રારંભ પોષ સુદ બારસ ને શુક્રવારે થાય છે. બપોરે ૨ કલાક ને ૩૦ મિનીટે સુર્ય મકર રાશીમાં પ્રવેશ કરશે. આ સંક્રાંતિ રોહિણી નક્ષત્ર તેમજ વૃષભ રાશીમાં છે. બ્રહ્મયોગ છે. તેમજ બાલવ કરણમાં છે.

સંક્રાંતિનો પુણ્યકાળ તા.૧૪-૧-૨૦૨૨ શુક્રવારે બપોરે ૨ કલાક ૩૦ મિનીટથી સાંજના સુર્યાસ્ત સુધી છે.

**સંક્રાંતિનું વાહનઃ**

આ વર્ષે સંક્રાંતિનું વાહન વાઘ છે. ઉપવાહન ઘોડો છે. પીળા વસ્ત્ર ધારણ કરેલ છે. કેસરનું તિલક કરેલ છે. સુર્ય ઉપ પ્રભુત્વ ધરાવે છે. ઉંમરમાં કુમારી અને સ્થિતી બેઠેલી છે. સુગંધ માટે ભયનું ફુલ છે. દુધપાક ખાય છે. મોતી ધારણ કરેલ છે. વાર નામ મીક્ષા અને નક્ષત્ર નામ નંદા છે. ભોજન પાત્ર રૂપા તેમજ ચાંદીનું છે. હાથમાં ગદાનું આયુધ છે.

**સંક્રાંતિનું ફળ :**

સંક્રાંતિ માટે સામાન્ય એવું મનાય છે કે જે જે વસ્તુ વ્યક્તિ સાથે સંક્રાંતિનો સંબંધ થાય છે તે વસ્તુઓ મોંઘી થાય છે. તથા જેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે. સંસ્કૃતિનું વાહન વાઘ હોવાથી તેમજ ઉપવાહન ઘોડો હોવાથી વન્ય પશુઓને ત્રાસ થાય, પીળા રંગનું વસ્ત્ર ધારણ કરેલ છે. તેથી પીળી વસ્તુઓ મોંઘી થાય, સોનું મોંઘુ થાય, ચણાની દાળ મોંઘી થાય, દુધપાક ખાય છે. તેથી દુધ તેમજ દહીં વગેરે બનાવટો મોંઘી ઠરાવે, દુધ તેમજ દહીંના ભાવમાં વધારો થાય, ચાંદી તેમજ રૂપામાં વધારો કરાવે, હથીયારો મોંઘા થાય.


**સંક્રાંતિનું દાનઃ**

સંક્રાંતિના પુણ્યકાળે નવા વાસણો ગાયનો ચારો તેમજ બ્રાહ્મણને અનાજ, તલ, ગોળ, સોનુ, ચાંદી, ભૂમિ તેમજ ગાયનું દાન કરવું.

**સંક્રાંતિનું કર્તવ્ય:-**

સંક્રાંતિના પુણ્ય કાળે તલ મિક્ષીત જળથી સ્નાન કરવું, તલનું તેલ શરીર ઉપર લગાડવું, તલનો હોમ કરવો, તલ મિશ્રીત પાણી પીવું, તલના લાડવા ખાવા તેમજ યથાશક્તિ દાન આપવાથી દુઃખનો નાશ થાય છે. સંક્રાંતિના પુણ્યકાળે વડીલ વર્ગ પિતૃઓને પ્રસન્ન કરવા, શિવજીની ઉપાસના કરવી, સુર્ય નારાયણને દુધનો અભિષેક કરવો.

સંક્રાંતિ વૃષભ લગ્નમાં છે. વૃષભ લગ્નમાં ચંદ્ર રાહુની યુતિ છે. તેમજ મંગળની દ્રષ્ટી છે. જન્મ લગ્નનો માલિક તરીકે શુક્ર અશુભ ભવનમાં છે. તેથી લોકોની શારીરિક બિમારીમાં વધારો




કરાવે. હાલ જે કોરોનાની મહામારી છે આ મહામારી દેશ વિદેશમાં વધુ વકરશે. (ઉહાપો કરાવશે) આ મહામારીનો અંત એપ્રિલ મહિનામાં થાય ત્યારબાદ સામાન્ય બિમારીમાં ફેરવાઈ જાય. અહીં સંક્રાંતિની કુંડલીમાં ભાગ્ય ભવનમાં સુર્ય, શનિની યુતિ છે. તેથી દેશ વિદેશમાં મંદીનું પ્રમાણ રહે.

સુર્ય, શનિની યુતિ તેમજ મંગળ કેતુની યુતિ કેન્દ્રમાં હોવાથી કુદરતી આપત્તિઓની અંદર વધારો કરાવે. યુધ્ધ જેવા બનાવો બને. દેશની પશ્ચિમ ભાગ તેમજ પશ્ચિમના દેશોમાં તકલીફો વધુ કરાવે.

### રાશીવાર સંસ્કૃતિનું દાન

**મેષ (અ,લ,ઈ):-**

ત્રાંબાના પાયે સંક્રાંતિ બેસે છે. તેથી શુભ ગણાય. આ રાશીવાળાએ ત્રાંબાના વાસણનું દાન, લાલ વસ્ત્રનું દાન, ઘઉં, ગોળ, ખજુર વગેરેનું દાન કરવું.

**વૃષભ (બ,વ,ઉ):-**

ચાંદીના પાયે સંક્રાંતિ બેસે છે. સારી ગણાય છે. આ રાશીવાળાએ સફેદ વસ્ત્રનું દાન કરવું, ચાંદીના વાસણનું દાન કરવું, ઘી, ખાંડ, ચોખા તેમજ સફેદ તલ વગેરેનું દાન કરવું.

**મિથુન (ક,છ,ઘ):-**

લોઢાના પાયે સંક્રાંતિ બેસે છે. જે શુભ ગણાય નહીં. કાળા રંગના વસ્ત્રનું દાન કરવું, કાંસાનું વાસણ, સ્ટીલના વાસણ તેમજ કાળા અડદ, કાળા તલ વગેરેનું દાન કરવું.

**કર્ક (ડ,હ):-**

ત્રાંબાના પાયે સંક્રાંતિ બેસે છે. તેથી શુભ ગણાય. આ રાશીવાળાએ ત્રાંબાના વાસણનું દાન, લાલ વસ્ત્રનું દાન, ઘઉં, ગોળ, ખજુર વગેરેનું દાન કરવું.

**સિંહ (મ, ટ):-**

સોનાના પાયે સંક્રાંતિ બેસે છે. તેથી સાધારણ ગણાય. પીળા વસ્ત્રનું દાન, ચાણાની દાળનું દાન કરવું, સોનુ તેમજ પીતળના વાસણનું દાન કરવું.

**કન્યા (પ,ઠ,ણ):-**

ચાંદીના પાયે સંક્રાંતિ બેસે છે. સારી ગણાય છે. સફેદ વસ્ત્રનું દાન, ચાંદીના વાસણનું દાન કરવું, ઘી, ખાંડ, ચોખા તેમજ સફેદ તલ વગેરેનું દાન કરવું.

**તુલા (ર,ત):-**

લોઢાના પાયે સંક્રાંતિ બેસે છે. જે શુભ ગણાય નહીં. કાળા વસ્ત્રનું દાન કરવું, કાંસાના વાસણ, સ્ટીલના વાસણ તેમજ કાળા અડદ, કાળા તલ વગેરેનું દાન કરવું.

**વૃશ્ચિક (ન,ય):-**

ત્રાંબાના પાયે સંક્રાંતિ બેસે છે. તેથી શુભ ગણાય, ત્રાંબાના વાસણનું દાન, લાલ વસ્ત્રનું દાન, ઘઉં, ગોળ, ખજુર વગેરેનું દાન કરવું.

**ધન (ભ,ફ,ધ,ઢ):-**

ચાંદીના પાયે સંક્રાંતિ બેસે છે. સારી ગણાય છે. સફેદ વસ્ત્રનું દાન કરવું, ચાંદીના વાસણનું દાન કરવું, ઘી, ખાંડ, ચોખા તેમજ સફેદ તલ વગેરેનું દાન કરવું.

**મકર (ખ, જ):-**

સોનાના પાયે સંક્રાંતિ બેસે છે. તેથી સાધારણ ગણાય, પીળા વસ્ત્રનું દાન, ચણાની દાળનું દાન કરવું, સોનુ તેમજ પીતળના વાસણ વગેરેનું દાન કરવું.

**કુંભ (ગ, શ, સ):-**

લોઢાના પાયે સંક્રાંતિ બેસે છે. શુભ ગણાય નહીં. કાળા વસ્ત્રનું દાન કરવું, કાંસાના વાસણ તેમજ સ્ટીલના વાસણ, કાળા અડદ, કાળા તલ વગેરેનું દાન કરવું.

**મીન (દ,ચ,ઝ,થ):-**


સોનાના પાયે સંક્રાંતિ બેસે છે. સાધારણ ગણાય, પીળા વસ્ત્રનું દાન કરવું, ચણાની દાળનું દાન કરવું, સોનું તેમજ પીતળના વાસણ વગેરેનું દાન કરવું.

**– જયોતિષી–**
**દિનેશકુમાર અનંતરાય ભટ્ટ**
**મો.૯૮૨૪૪ ૨૨૨૮૦/ ૯૪૨૮૩ ૭૩૪૪૧**

# સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિની યાદગાર ઉજવણી

# જૂનાગઢ શહેરમાં ૧૧ કલાકે વંદે માતરમ્ ગાન ગુંજી ઉઠયું





## સ્વાધિનતા અમૃતપર્વ નિમિત્તે રાષ્ટ્રનાં અમર હુતાત્માઓને વિરાંજલી આપવાનાં કાર્યક્રમો યોજાયા

જૂનાગઢ તા. ૧૨

યુવા હૃદયમાં આદરભર્યુ સ્થાન પ્રાપ્ત કરનારા સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિની આજે જૂનાગઢ સહીત દેશભરમાં રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. અને સ્વાધિનતાનાં અમૃતપર્વ નિમિત્તે આજે રાષ્ટ્રનાં અમર હુતાત્માઓને વિરાંજલી પણ આપવામાં આવી રહી છે. આજે ઠેર ઠેર વકૃતત્વ સ્પર્ધા, ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા સહીતનાં કાર્યક્રમો યોજી અને સ્વામિ વિવેકાનંદજીને ભાવભેર શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ સંસ્થાઓ દ્વારા આજે ૧૧ કલાકે સમુહમાં વંદેમાતરમ ગાનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ત્યારે જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં સંસ્થાઓ દ્વારા તેમજ શાળા, કોલેજોમાં ઉપરાંત વેપારીઓ દ્વારા અને એસોસીએશનો દ્વારા પણ એકસાથે સમુહમાં વંદેમાતરમ ગાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને અભૂતપૂર્વ દ્રશ્ય સર્જાયા હતાં. (તસ્વીર : અમ્માર બખાઈ)

# કોરોનાનાં સંક્રમણને રોકવા મુખ્યમંત્રી દ્વારા મહત્વનાં નિર્ણયો લેવાયા

ગાંધીનગર તા. ૧૨

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યના નાગરીકોના વ્યાપક આરોગ્ય હિતમાં કેટલાક મહત્વનાનિર્ણય લેવામાં આવ્યા છે. આ ફેરફારો આજ તા. ૧૨-૧-૨૨થી અમલમાં આવશે અને અને તા. ૨૨-૧-૨૨ના સવારે ૬ વાગ્યા સુધી અમલમાં રહેશે. કોર કમિટીમાં લેવાયેલા આ નિર્ણય મુજબ રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ,ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો અને મેળાવડાઓમાં વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે. બંધ સ્થળોએ યોજાતા આવા સમારોહમાં જગ્યાની ક્ષમતાના ૫૦% પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની સંખ્યામાં યોજી શકાશે. ગુજરાત રાજ્યમાં લગ્ન સમારોહ માટે ખુલ્લી જગ્યામાં ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં યોજી શકાશે. આવા લગ્ન સમારોહ બંધ જગ્યાએ યોજાય ત્યારે જગ્યાની ક્ષમતાના ૫૦% પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં યોજવાના રહેશે. રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણ નિયંત્રણ સંદર્ભે જારી કરવામાં આવેલી ગૃહ વિભાગની માર્ગદર્શિકાની અન્ય બાબતો આગામી તા. ૨૨-૧-૨૨ના સવારે ૬ સુધી અમલમાં રહેશે.

# જૂનાગઢમાં ભાડે આપેલા મકાનનો કબ્જો પોલીસની સમયસરની મદદથી મળી જતા પરીવાર ખુશખુશાલ થયો

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ રેન્જના આઈજીપી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે જેના ભાગરૂપે પોલીસે તાત્કાલીક અસરથી મદદની કામગીરી કરી છે. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ ઉપર મકાન ધરાવતા અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં નોકરી કરી, રીટાયર્ડ થયેલા સિનિયર સીટીઝન રમેશભાઈ કાનજીભાઈ ભાલીયાએ જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને મળી, પોતે ફોરેન્સિક ખાતામાંથી નિવૃત્ત થયા બાદ પોતાની મરણ મૂડીમાંથી લક્ષ્મીનગર ખાતે શિવાલય એપાર્ટમેન્ટમાં મકાન લીધેલ હતું. પોતે લીધેલ મકાન, જૂનાગઢ ખાતે કડીયાવાડ, ચામુંડા શેરીના રહીશ રાજેશભાઈ ધારશીભાઈ ચૌહાણને આપી, પોતાને ભાડાની આવક થાય તેવા હેતુથી, સને ૨૦૨૦માં મકાન ભાડે આપ્યું હતું. અગિયાર મહિના બાદ મકાન ખાલી કરવાનું કહેતા, થોડા સમય બાદ ભાડું આપવાનું પણ બંધ કરી દીધું હતું. મકાન ખાલી કરવા જણાવતા, ભાડુઆત દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરી દેવાની ધમકી આપી, ભાડુઆત દ્વારા મકાન પચાવી પાડવાની પેરવી કરતા અને છેલ્લા ચાર માસથી ભાડું પણ ના આપતા હતા. રિટાયર્ડ કર્મચારી એવા સિનિયર સીટીઝનને પોતાનું મકાન ખોવાનો વારો આવતા, તેઓ મુંઝાયા હતા અને પોતાની વર્ષોની મરણ મૂડી સામાન કમાણીમાંથી ખરીદ કરેલ મકાન પચાવી પાડવાનો ભય લાગતા, ગળગળા થઈને રજૂઆત કરવામાં આવેલ હતી. ઉપરાંત, કલેક્ટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબિંગ બાબતે અરજી આપતા, માથાભારે ભાડુઆત દ્વારા ડેપ્યુટી કલેક્ટર કચેરીમાં પણ જવાબ નહીં આપતા હોવાની રજુઆત પણ કરવામાં આવી હતી દરમ્યાન જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.જે.ગઢવી, સ્ટાફના હે.કો. નાથાભાઈ, આઝાદસિંહ, ચેતનસિંહ, સંજયસિંહ, ઈન્દુભા, ભાવિકભાઈ સહિતની ટીમ દ્વારા અરજદારની રજુઆત આધારે પ્રથમ ભાડે રાખી, ખાલી નહીં કરેલ મકાન ઉપર બળજબરીથી કબ્જો કરેલ ભાડુઆત ઉપર લેન્ડગ્રેબિંગના કાયદા હેઠળ ગુન્હો દાખલ કરાવા દબાણ લાવતા, પોલીસની ભાષામાં સમજાવતા, ભાડુઆત રાજેશભાઈ ચૌહાણ અરજદાર સિનિયર સીટીઝન રમેશભાઈ કાનજીભાઈ ભાલીયાનું મકાન સોંપવા માટે તૈયાર થઈ ગયેલ હતો.

(અનુ. પાના ૨ ઉપર)

# જૂનાગઢ સહિત સોરઠમાં બેઠા ઠાર સાથે સુસવાટા મારતો પવન ફુંકાયો

## આગામી બે દિવસ સુધી હજુ પણ ઠંડી યથાવત રહેશે

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં કાતિલ ઠંડી પડી રહી છે. કોલ્ડવેવ જેવી સ્થિતિમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. લોકોએ ફરજીયાત ગરમ વસ્ત્રો ધારણ કરવા પડે છે. બંને ત્યાં સુધી ઘરની બહાર ન નીકળે તેવી સ્થિતિ સર્જાયી છે. ગિરનાર પર્વત ઉપર તાપમાનનો પારો સતત નીચે ઉતરી જવાને કારણે બે ડીગ્રી તાપમાન છેલ્લા ત્રણ દિવસ રહયું હતું. તાપમાનનાં ઘટાડાને કારણે ગિરનાર ક્ષેત્ર અને જંગલ વિસ્તારમાં પક્ષીઓ માળામાં પુરાયેલા જ રહયા હતાં. દરમ્યાન આજે હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર જૂનાગઢ શહેરમાં આજનું તાપમાન મહત્તમ ૧૬.૮, લઘુત્તમ ૧૩.૪, ભેજ ૪૬ ટકા અને પવનની ગતિ ૭.૯ રહી છે. ગઈકાલે રાતથી જ સુસવાટા મારતો પવન ફુંકાઈ રહયો છે. અને જેને લઈને બેઠા ઠાર જેવી સ્થિતિ સર્જાય છે.

દરમ્યાન કૃષિ યુનિ. હવામાન વિભાગનાં નિષ્ણાંત ધિમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે આગામી બે દિવસ સુધી હજુ પણ ભારે પવન અને ઠંડીનો દોર યથાવત રહેશે અને ત્યારબાદ રાહત થશે તેમ જણાવ્યું હતું.

# કેશોદ : રૂા.૩૩,૫૫૨ની કિંમતનાં એલ્યુમીનીયમ વાયરની ચોરી

જૂનાગઢ તા.૧૨ : કેશોદનાં કેવદ્રા ગામથી ગેલાણા જતા રસ્તા ઉપરથી ૧૧ કે.વી.નો ૯ ગાળાનો એલ્યુમીનીયમનો વાયર ૮૦૯ મીટર રૂા. ૩૩,૫૫૨ની કિંમતનો કોઈ ચોરી કરી ગયાની ફરીયાદ પીજીવીસીએલમાં ફરજ બજાવતા હરસુખભાઈ મેસુરભાઈ સોલંકીએ કરી છે. પોલીસે ગુનો નોંધી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦,

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો.૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

દુકાન વેંચવાની છે
જૂનાગઢમાં નવા નગારવાડામાં આવેલ પ્રતિભા એપાર્ટમેન્ટ A દુકાન નં. ૨૫ (૩૦૦ ફુટ) વેચવાની છે
:: કોન્ટેક ::
મો. ૯૩૭૬૪ ૨૬૩૧૨

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જુનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી સ્પે. પંજાબી શાક ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 5500* થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર. DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ખુશ્બુ સીઝન સ્ટોર
અમારે ત્યાંથી બારેમાસ પતંગ, દોરી તથા ફેન્સી પીચકારીઓ છુટક તેમજ જથ્થાબંધ મળશે. સુખનાથ ચોક નવજીવન મેડીકલની સામે, જૂનાગઢ.
મોહસીનભાઈ
મો. ૭૦૧૬૯ ૨૨૯૦૬
ઈમરાનભાઈ
મો. ૯૬૬૨૩ ૧૫૦૨૭

પ્લોટ વેચવાનો છે
જૂનાગઢ રાયજીનગરમાં ૨૧૨ વારનો કોર્નર ઉપરનો પ્લોટ વેચવાનો છે
: સંપર્ક :
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪
સાંજના ૭ થી ૯ સુધીજ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
" સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે "
સુભાષ પાણીપુરી
એમ. જી. રોડ, યુ.કો બેન્ક સામે, જૂનાગઢ.
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ.
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ.

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
શિયાળાની કડકડતી ઠંડીમાં અળદીયા બનાવવા માટે શુધ્ધ ઘી મળશે તેમજ ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

બહેરાશ નિવારણ માટેનું એકમાત્ર હાઈટેક કલીનીક
શું તમને સાંભળવાની તકલીફ કે બહેરાશ છે ?
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે ગુજરાત સરકારની રૂા. ૫૦,૦૦૦/- ની હીયરીંગ મશીનની રીએમ્બર્સમેન્ટ યોજનાનો લાભ તથા માર્ગદર્શન.
છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ એટલે
VATSALYA
નિષ્ણાંત કવોલીફાઈડ ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની તપાસ તેમજ વોટરપ્રુફ/વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેક્ટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના ૧૦૦% ડીઝીટલ મશીન પર ટ્રાયલ તથા કન્સલ્ટન્સી.
બોલવામાં કોઈપણ પ્રકારની તકલીફ માટે સ્પીચ થેરાપી સારવાર ઉપલબ્ધ
તો આજે જ બેસ્ટ કવોલીટી, બેસ્ટ સર્વિસ અને બેસ્ટ રીઝલ્ટની ખાત્રી માટે અચુક સંપર્ક કરો
વાત્સલ્ય સ્પીચ એન્ડ હીયરીંગ કલીનીક
જુનાગઢ ૧૫૯, પ્રિઝમ કોમ્પલેક્ષ, પહેલા માળે, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, પતંજલી ચિકિત્સાલયની ઉપર, જુનાગઢ
રાજકોટ વોકાર્ડ હોસ્પીટલની બાજુમાં, સોની સેન્ટર શો-રૂમવાળી શેરી, ટી પોસ્ટની સામે, કાલાવડ રોડ, રાજકોટ.
જામનગર ૩૦૬, સિધ્ધીવિનાયક પ્લાઝા, ત્રીજે માળ, મીગ કોલોની કોર્નર, મયુર મેડીકલની સામે, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે.
ફોનથી એપોઈન્ટમેન્ટ લઈને જ આવવું.
મો. ૯૬૦૧૦ ૪૦૦૦૨, ૯૮૯૮૧ ૫૫૮૮૨

બ્લોક વેંચવાનો છે
3-BHK બ્લોક વેંચવાનો છે. વ્યાજબી ભાવે વિનસ એપાર્ટમેન્ટની બાજુમાં બંસી પેલેસમાં ૧ લા માળે બ્લોક વેંચવાનો છે
:: કોન્ટેક ::
મો. ૯૭૨૫૩ ૮૪૬૪૬

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

નાનખટાઈ બીસ્કીટ કુકીઝ
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪
બેકરીની બધી જ વેરાયટી ઘઉંની મળશે